Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૮· તા. ૨૨ થી ૨૮ નવેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## આદરાંજલિ



## ઈંદિરા જયંતિલાલ વિક્રમશી

અરિહંત શરણ : સોમવાર તા. ૧૭.૧૧.૨૦૧૪

રત્નોના પારખુ ને કુશળ વહીવટકાર,
ધર્મક્ષેત્રે ય વર્તાવ્યો જય જયકાર...
નારી નરથી સવાઈ, દ્રષ્ટાંતથી કરાવ્યો સ્વીકાર!
સમાજસેવા કારકિર્દીને દીધો પ્રભાવી આકાર
ચિરશાંતિ અને ઉચ્ચગતિનો સત્કર્મે મેળવ્યો અધિકાર...

- પ્રકાશ સમીક્ષા સમિતિ

# શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૫.૬.૧૯૭૮

અરિહંત શરણ :
તા. ૧૦.૧૧.૨૦૧૪

## ચિ. પ્રિતેશ વિરચંદ સોની (કચ્છ સાંયરા હાલ મુકામ ધુલીયા)

અલ્પ આયુ પણ મેળવી ઘણી પ્રીતિ, અણધાર્યું ત્રાટકવું કાળની કેવી રીતિ!
અરિહંત શરણે ચિરશાંતિ પામો, શાસન દેવ દે ઉચ્ચગતિ!

| | | |
|---|---|---|
| દાદા - દાદી | : | શ્રીમતી કુંવરબાઈ નેણસી સોની (ધુલિયા) |
| નાના - નાની | : | શ્રીમતી રતનબાઈ ધનજી નાગડા (શિરપુર) |
| માતા - પિતા | : | સૌ. વિણા વિરચંદ સોની (ધુલિયા) |
| વડીલ | : | શ્રીમતી ચંદનબેન કુંવરશી સોની (જલગામ) |
| | | શ્રીમતી પ્રેમીલા - કલ્પના ગોવિંદજી સોની (ધુલિયા) |
| કાકા - કાકી | : | સૌ. રંજના મેઘજી સોની (ધુલિયા) |
| કાકા - કાકી | : | સૌ. હર્ષા વિનોદ સોની (ધુલિયા) |
| ભાઈ - ભાભી | : | સૌ. જ્યોતી પંકજ સોની, સૌ હર્ષિકા નરેશ સોની (જલગામ) |
| | | સૌ. રૂપાલી અમીત સોની, સૌ નમ્રતા આશિષ સોની (ધુલિયા) |
| | | સૌ. તેજલ હર્ષદ સોની (કચ્છ -ભુજ) નિરવ તથા નયન |
| ભત્રીજા | : | ભુપેશ, હિરલ, કાજલ, સૌ. ઉર્વશી બિનોય મોમાયા (હુબલી) મિતલ, નિધિશ |
| બહેન | : | રિટા વિરચંદ સોની (ધુલિયા), સૌ જેશલ ધવલ દંડ (સોલાપુર) |
| | | સૌ. વંદના ઉદય લોડાયા (હુબલી) |
| ભાણેજ | : | ચિ. હિર, ધૃતિ સંદીપ |
| મામા - મામી | : | શ્રીમતી વિજયભાઈ ગિરીશચંદ નાગડા (શિરપૂર), |
| | | સૌ. રેખા લહેરચંદ નાગડા (અમેરિકા) |
| ફઈ - ફુઆ | : | શ્રીમતી ઉષા દિનેશ નાગડા (કરાડ) |
| વેવાઈ | : | શ્રીમતી ઈલા દિપક દામજી દંડ (સોલાપુર) |
| માસા - માસી | : | શ્રીમતી રજની રીખબચંદ ધરમશી, સૌ. ચંદા વિજય ડાગા |

ફર્મ • નવલપ્રભા ટ્રેડર્સ • નવલપ્રભા માર્કેટીંગ • નવલપ્રભા એજન્સીજ (ધુલિયા)
• નવલપ્રભા સર્વીસેસ (કચ્છ ભુજ) • સોની પ્રોવ્હીજન (ધુલિયા)

## ‘‘દૈદીપ્યમાન આભા, શક્તિ અને મનોબળ;
## તમ પ્રેરણા બનીને, અમ હ્રદયમાં વસ્યા છો’’



જખૌ ઘાટકોપર

# ઇન્દિરા જયંતિલાલ વીકમશી

**દેહવિલય : સોમવાર તા. ૧૭–૧૧–૨૦૧૪**

## સહૃદય શ્રધ્ધાંજલિ

**જયંતિલાલ ધારશી વિકમશી પરીવાર**

નયન જયંતિલાલ વીકમશી
જીનાલી નયન વીકમશી
હોશી

શિલ્પા અજાણી
નિષાદ

### સ્નેહી સ્વજન

શ્રીમતી મંજુલા નલિનકુમાર લોડાયા
શ્રીમતી પ્રમીલા ઠાકરશી ગોસર
શ્રીમતી શર્મિલા રાજેશ ખોના

કુલિનકાન્ત નારાણજી મોમાયા
લીલાવતી મણીકાંત લોડાયા
પૃથ્વીરાજ નારાણજી મોમાયા
અનુપમા નારાણજી મોમાયા

### સમસ્ત

**ધારશી હીરજી વીકમશી પરિવાર ❋ નારાણજી શામજી મોમાયા પરિવાર**

## શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ
ઘાટકોપર (મુંબઇ)

## શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય
ઘાટકોપર (મુંબઇ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

Estd. 1954

61 Shree KDO Students Association

# કપડા અને દવાઓના

સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા જરૂરતમંદો માટે થયેલ

# વિક્રમી કલેક્શન



રૂ.૨૫,૦૦૦/- થી વધુ મુલ્યની દવાઓનું કલેક્શન



૫૦૦૦ કપડાની જોડીઓનો કલેક્શન

**શનિવાર, ૧૧.૧૦.૨૦૧૪ અને રવિવાર, તા. ૧૨.૧૦.૨૦૧૪**

શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય અને શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇના તરવરીયા યુવા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા શ્રી શીવજી કુંવરજી વિકમશી (લાલબાગ) અને શ્રી કુલીનકાંતભાઇ લુઠીયા (માનવ જ્યોત - મુલુંડ) ના સાથ સહકાર, માર્ગદર્શન અને પ્રોત્સાહનથી શનિવાર, ૧૧.૧૦.૨૦૧૪ થી રવિવાર, તા. ૧૨.૧૦.૨૦૧૪ જ્ઞાતિજનો/જનતા પાસેથી વણવપરાયેલ અને તેમને બિનઉપયોગી, કપડા, રદ્દી પેપર અને દવાઓ મેળવવાના એક સેવાયજ્ઞનું વિક્રમી કલેક્શન થયેલ. આ સેવાકીય યજ્ઞમાં વિદ્યાર્થીઓને વધુમાં વધુ સાથ સહકાર આપવા બદ્દલ જ્ઞાતિજનોનો જાહેર આભાર.



શ્રી કુલીનકાંત લુઠીયા સાથે
શ્રી શુભમ લાપસીયા-શ્રી રિષભ મોતા



શ્રી ઉર્મિન લોડાયા અને વી.એલ.વી.જી.
ના માનદ્‌મંત્રી શ્રી નરેશભાઇ મોમાયા

આ વસ્ત્રો તથા દવાઓ મુલુંડની માનવતાની મહેંક ફેલાવતી માનવજ્યોત સંસ્થાને પહોંચાડવામાં આવેલ. જે ગુજરાત, મહારાષ્ટ્રના જુદા-જુદા ગામોમાં જરૂરતમંદોને વિનામુલ્યે પહોંચતા કરાશે.

વિશેષ આભાર માનવ જ્યોત ટ્રસ્ટ - મુલુન્ડ (મુંબઇ).



દવાઓ અને કપડાઓનો સંગ્રહ કરતા
વિદ્યાથીસંઘના પ્રમુખ શ્રી અનુજ ગિરીશ લોડાયા



જરૂરીયાતમંદો માટે એકઠી કરેલ દવાઓ અને
કપડાઓનો સંગ્રહ



શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘની ટીમ



શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહની ટીમ



માનવ જ્યોત ટ્રસ્ટની ટીમ સાથે વિદ્યાર્થીઓ

# અવધાની મુનિના દ્રષ્ટાંતથી પ્રેરણા લઈ સ્મરણ શક્તિ અને આત્મિક શક્તિ વધારીએ

*મુનિશ્રી અજીતચંદ્ર સાગરજી એ સ્મરણ શક્તિનું જે અસાધારણ દ્રષ્ટાંતપૂરું પાડયું છે તે આપણા સૌ જૈનો માટે ગૌરવ રૂપ હોવા સાથે પ્રેરક પણ છે. આપણે સૌ નાની નાની વસ્તુઓમાં ફસાયેલા છીએ. એ જંજાળમાંથી બહાર નીકળી એમના જેવું નહીં તો પણ આપણી અત્યારની મર્યાદિત ક્ષમતાથી વિશેષ કરી બતાવીએ તો એમનો પ્રયાસ ખરા અર્થમાં સાર્થક થશે.*

## જૈન મુનિશ્રી અજિતચંદ્રસાગરજીએ અકલ્પનીય સ્મરણશક્તિથી : ૫૦૦ અવધાનનો પ્રયોગ કરી, 'અર્ધસહસ્રાવધાની'નું બિરુદ મેળવ્યું



સાગર સમુદાયના જૈન મુનિ પૂજ્યશ્રી અજિતચાંદ્રસાગરજી મહારાજસાહેબો રવિવાર તા. ૧૬.૧૧.૧૪ના એસવીપી સ્ટેડિયમમાં લગભગ ૫૦૦ અવધાનની સિદ્ધિ મેળવીને તેમની અસાધારણ સ્મરણશકતિનો પરચો આપીને સૌને દંગ કરી દીધા હતા.

દેશમાં સૌપ્રથમ વાર યોજાયેલા આ કાર્યક્રમમાં જૈનોના ચારેય ફિરકાનાં અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

લગભગ છ કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમમાં શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓ, તબીબો, વૈજ્ઞાનિકો, ધારાશાસ્ત્રીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ન્યાયમુર્તિઓ, સરકારી અધિકારીઓ, રાજકારણીઓ સહિત યુવાનોથી માંડીને વયોવૃદ્ધ લોકો ૨૪ વર્ષીય મુનિશ્રીની આ અસાધારણ પ્રતિભા પર આફ્રિન પોકારી ઊઠયા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત ૭ જજની પેનલે તેમને 'અર્ધસહસ્રાવધાની'નું બિરુદ આપ્યું હતું.

ગત માર્ચમાં ૨૦૦ અવધાનનો પ્રયોગ કરી ચૂકેલા પૂજ્યશ્રીએ હમણાં ૫૦૦ અવધાનનો પ્રયોગ સફળતાપૂર્વક પાર પડયો હતો. અવધાન એટલે યાદ રાખવું. ૫૦૦ અવધાન એટલે એકસાથે ૫૦૦ ચીજો યાદ રાખવી અને તેનું મનમાં સ્મરણ રાખીને કહી બતાવવી. સામાન્ય માણસ માંડ ૮ થી ૧૦ ચીજો એકસાથે યાદ રાખી શકે છે. જ્યારે પૂજ્યશ્રી અજિતચંદ્રસાગરજીએ ૫૦૦ ચીજો ક્રમસર કહી બતાવી હતી.

પ્રેક્ષકોનાં જુદાં જુદાં ગ્રુપમાંથી પ્રથમ તેમને અલગ અલગ વિષયો અંગે ૫૦૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જે તેમણે ક્રમસર કહી બતાવ્યા હતા અને રેન્ડમલી પણ પ્રશ્નના સાચા ક્રમ કહી દીધાહતા.

શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે ૫૦૦ વર્ષ પહેલાં જૈનોના સંતિકાર સ્ત્રોતના રચયિતા પૂજ્ય સુંદરસૂરીશ્વરજી મ.સા.એ એક હજાર અવધાન કરીને સહસાવધાનીનું બિરૂદ મેળવ્યું હતું. એમની પાંચ સદી બાદ પૂજ્યશ્રીએ આ સિધ્ધિ મેળવીને સાબિત કરી બતાવ્યું છે કે જો ઈચ્છાશક્તિ પ્રબળ હોય અને સતત સાધનામાં રત રહીએ તો સહજતાથી આવી સિધ્ધિ મેળવી શકાય.


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 48/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## નારી - ઉત્કર્ષ - સમાજ સેવા - ગચ્છ સેવા તથા રત્ન પરખ ક્ષેત્રે આગવાં કીર્તિમાન સ્થાપનારા ઈન્દિરા જયંતિલાલ વિકમશી



જેમની ઉપસ્થિતિ માત્રથી આગવો પ્રભાવ પડે તેવા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના મહિલા આગેવાન ઈન્દિરા જયંતિલાલ વિકમશી બહુમુખી પ્રતિમા હતા. તેમણે નારી ઉત્કર્ષ - સમાજ સેવા અચલગચ્છ સેવા તથા રત્નોની પરખ એમ અનેક ક્ષેત્રે આગવા કીર્તિમાન સ્થાપીને જ્ઞાતિની મહિલાઓ માટે પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડયું.

રત્ન પરખ ક્ષેત્રે વાત કરી એ તો ભારતમાં જેમોલોજી (રત્ન શાસ્ત્ર)ની શરૂઆત થઈ રહી હતી ત્યારે ઈન્દિરાબેન જેમોલોજીકલ એસીસીએશન ઓફ ગ્રેટ બ્રિટનના ફેલો બની ચુકયા હતા. ૧૯૯૯માં યોજાયેલી પ્રથમ આંતરાષ્ટ્રીય જેમોલોજીકલ કોન્ફરન્સ જેમાં અનેક દેશોના રત્નશાસ્ત્રીઓએ ભાગ લીધે તો તેનું પ્રમુખપદ ઈન્દિરાબેને શોભાવેલું.

ક.દ.ઓ. મહિલાઓ તેમની નેતૃત્વ શક્તિ માટે પ્રખ્યાત છે પણ પોતાના ગામ મહાજનનું પ્રમુખપદ કોઈ મહિલાએ શોભાવ્યું હોય તેવો એકમાત્ર અપવાદ ઈન્દિરાબેન હતા.

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના નેતૃત્વમાં ઊંચું પદ ભેગાવનારા એકમાત્ર મહિલા પણ ઈન્દિરાબેન હતા.

દાયકાઓની સંનિષ્ઠ સેવાથી પ્રમુખપદ શોભાવનારા પ્રથમ અને કદાચ એકમાત્ર મહિલા પ્રમુખ બનવાના હતા પણ રાજકારણ નડયું તોય તેમણે જયેષ્ઠ ઉપપ્રમુખ સુધીના પદ શોભાવ્યા.

'મુક્તિકૃપા' ધાર્મિક ત્રિમાસિકના માનદ સંપાદિકા ઈન્દિરાબેન હાલમાં શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ અભ્યાસ ક્રમના મુખ્ય કન્વીનર તરીકે પણ સેવા આપતા હતા.

પંદર વર્ષ સુધી એસ.ઈ.ઓ. (સ્પેશિયલ એકઝીક્યુટીવ ઓફિસર) તરીકે સેવા આપનારા ઈન્દિરાબેન ઈનરવીલ કલબ ઓફ બોમ્બે સી કોસ્ટનું પ્રમુખપદ પણ શોભાવ્યું હતું.

મહિલા ઉત્કર્ષ ઈન્દિરાબેનનો શરૂઆતથી ગમતો વિષય. આ પ્રવૃતિને સંસ્થાકીય રૂપ આપવામાં પણ તેઓ નિમિત્ત બન્યા.

જે.સી.સી. લેડીઝ વિંગ મુંબઈ ઈસ્ટની પ્રથમ મહિલા પાંખના પ્રથમ પ્રમુખ બનવાનું માન મેળવનારા ઈન્દિરાબેન ક.દ.ઓ. જ્ઞાતિની પરબ શક્તિ સંજીવની સોસાયટી તથા ઘાટકોપરની અભિલાષા ચેરીટેબલ સોસાયટીના ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે નારી ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃતિ કરનારી આ સંસ્થાઓનું બીજ રોપ્યું તથા તેને પાળી - પોષી વૃક્ષ બનાવ્યું.

અચલગચ્છ જૈન સંઘના પ્રથમ પ્રમુખ શ્રી નારાણજી શામજી મોમાયાના સુપુત્રી ઈન્દિરાબેનમાં પિતાના ધર્મ અને નેતૃત્વના ગુણ પૂરી રીતે ઉતર્યા હતા.

જાણીતા ઉદ્યોગપતિ શ્રી જયંતીલાલ ધારશી વિકમશીના પત્ની ઈન્દિરાબેન માતા તરીકે પણ વિશેષ હતા. તેમણે પુત્રીને પોતાનો રત્ન પરખનો વ્યવસાય ઉપરાંત જ્વેલરી ડિઝાઈનીંગમાં નિપુણ બનાવ્યા તો પુત્રને ઈલેકટ્રોનિકસના નવા ક્ષેત્રમાં પિતાનો કારોબાર સારી રીતે સંભાળવાની તાલીમ આપી.

નારી શક્તિના અનોખા દૃષ્ટાંત એવા ઈન્દિરાબેન દેહાંત પછીય નારી શક્તિ અને જ્ઞાતિ ગૌરવ અનોખા દૃષ્ટાંત તરીકે પ્રેરતા રહેશે.

## ૪૫ દિક્ષાના ઐતિહાસિક આયોજનના મુખ્ય આયોજકોમાં ક.દ.ઓ. જૈન જ્ઞાતિના હિતેશ મોતા પણ



જૈન ઈતિહાસની અનોખી ઘટના એકી સાથે ૪૫ દિક્ષા સોમવાર તા. ૧ લી ડિસેમ્બર ૨૦૧૪ના આકાર લેશે. આ કાર્યક્રમ દોઢલાખ ફૂટના મુખ્ય મંડપ, ૬૦૦૦ ફૂટના દીક્ષા મંડપ અને ૧૬૦૦૦ ફૂટના કેન્દ્રીય સ્ટેજ પર આકાર લેશે. આ મહાન આયોજનમાં મુખ્ય આયોજકોમાં પહેલાં પણ આવા સમસ્ત જૈન સમાજ માટે ગૌરવરૂપ આયોજનો પાર પાડનારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિના હિતેશ માણેકજી મોતા (રાપરગઢવારી) છે. અભિનંદન!

## નત મસ્તકે શ્રદ્ધાંજલિ



ગામ:
જખૌ - ઘાટકોપર

અરિહંત શરણ :
તા. સોમવાર ૧૭.૧૧.૨૦૧૪

# ઇન્દિરા જયંતિલાલ વિકમશી

**જેમની આંખોમાં અમીરસ ધારા**
**હોઠ પર આત્મ કલ્યાણનું ગીત**
**હૈયામાં જિન - શાસનનો રણકાર**
**હસ્તકમલમાં વર્ષોની સંનિષ્ઠ કાર્ય સાધના**
**અને ઝળહળતી સમૃધ્ધિના સહભાગી**
**એવા ઈન્દિરાબેન વીકમશીના તેજસ્વી**
**આત્માએ પ્રકાશ પાથરી અનંતની યાત્રાએ પ્રયાણ ક્યું.**

**અમ પરબ સંસ્થાના શિલ્પકાર**
**મેળવી હાથોમાં હાથ**
**પ્રેમથી જાળવ્યો વ્યવહાર...**
**નજર સમક્ષ તસ્વીર આપની,**
**કાનોમાં આપના શબ્દોનો ગુંજારવ...**
**કાર્યોમાં સુઝ હતી અજોડ,**
**પુરા થયા ઋણાનું બંધ !**

**સંસ્થાની વિકાસયાત્રામાં સિંહફાળો...**
**યાદ રહેશે આપની યાદગાર સ્મૃતિઓ...**
**ભીની આંખે, નત મસ્તકે આપીએ**
**સાચી શ્રદ્ધાંજલિ...**

## પરબની બહેનો

## કચ્છી કર્મઠતાને આત્મીયતાનું જીવંત દૃષ્ટાંત
## મયુર ખીમજી લોડાયા



કચ્છમાં રહી બાંડિયા ગામની શાળામાં ભણતર લઈ પિતા સમ કાકા મણીકાંતભાઈની છાયામાં મુલુંડ વસેલા અને શ્રી.ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડના કાર્યકર તરીકે જાણીતા અને માનીતા બનેલા મયુર ખીમજી લોડાયામાં કચ્છી કર્મઠતા અને આત્મીયતા ભરેલી હતી.

જગદીશ ઓક્ટ્રોયમાં અનુભવ મેળવી તેમણે વિમલનાથઓક્ટ્રોય સર્વિસ નામે કામકાજ શરૂ કર્યું અને સારી સફળતા મેળવી.

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળની પ્રવૃત્તિઓમાં ૧૯૯૮ થી રસ લઈ સારા કાર્યકર તરીકે આદર પામ્યા. વહિવટ શક્તિથી ૨૦૦૨થી ૨૦૦૮ અને ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી મંડળના ખજાનચી પદે રહી સંસ્થાના મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. હાલમાં ગોલ્ડન જ્યુબીલી કમિટીના સહકન્વીનર હતાં.

ભલારાદાદા પ્રત્યે અપાર શ્રધ્ધા. પોતાના ગામ બાંડિયાની સંસ્થાઓમાં પણ સારી રીતે સક્રીય હતાં. બાંડિયાના ક.દ.ઓ.મિત્ર મંડળની કમિટીમાં સક્રિય હતા અને હાલમાં ખજાનચી તરીકે સેવા આપતા હતા. બાંડિયામાં ઔચ્છવ વખતે આયોજન સમિતિના સભ્ય તરીકે સેવા આપી.

ઓછું બોલી વધુ કરવાની કચ્છી ખાસીયત મુંબઈમાં આવ્યા પછી નવા વાતાવરણમાં પણ જાળવી રાખનાર મયુરભાઈની યુવાનવયે અણધારી વિદાયથી સૌએ આઘાત અનુભવ્યો છે. એમના કામ એમની સ્મૃતિને હંમેશા તાજી રખાવશે.

---

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ નમઃ ||    || શ્રી શાંતિનાથાય નમઃ ||

### "શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની ષષ્ટમં (છઠી) પહેડી

શ્રી લાલા–સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી–પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.

**સ્થાન : જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ એ.સી. હોલ, અનંતસિદ્ધિ, ભાંડુપ (વે), મુંબઈ.**

**શુભ દિન : રવિવાર, તા. ૧-૨-૨૦૧૫ સવારનાં ૯ થી ૨ ક.**

**મંગલ આરતી : ૧૨.૩૯ કલાકે**

❁ દર્શનાભિલાષી ❁

શ્રી શામજી નરશી દંડ – પ્રમુખ    શ્રી સુર્યકાંત હીરજી દંડ – ઉપપ્રમુખ



❁ લાભાર્થી પરિવારો ❁

શ્રી શામજી નરશી દંડ

શ્રી નવીનભાઈ હીરજી દંડ - વેરાવલ

શ્રી હિરાચંદ નરશી દંડ

શ્રી મણીલાલ પદમશી દંડ - ઈન્દોર



નોંધ : આ છઠ્ઠી પહેડીમાં તેમજ આગામી પહેડીમાં લાભ લેવા ઈચ્છુક પરિવારો આવકાર્ય છે.

|| જય શ્રી સચ્ચાઈ માં ||    || જયશ્રી દેશરમા ||

---

### ચલો બુલાવા આયા હૈ માતાને બુલાયા હૈ

શ્રી વરાડીયા મુકામે મોમાયા પરિવારનાં કુળદેવી શ્રી મોમાઈમાં સ્થાનકે ત્રીજા વર્ષનું ચંડી પાઠનું આયોજન કરવામાં આવેલ છે. મોમાયા પરિવારનાં સર્વે સભ્યોને આ અનુષ્ઠાનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમની રૂપરેખા**

**તા. ૧.૨.૧૫ બપોરના સયાજી નગરી ટ્રેન દ્વારા પ્રયાણ**

**તા. ૩.૨.૧૫ શ્રી મોમાઈમાંની ધજા**

**તા. ૪.૨.૧૫ શ્રી ચંડીપાઠનું આયોજન**

**તા. ૫.૨.૧૪ રાતનાં સયાજી નગરી દ્વારા મુંબઈ તરફ પ્રયાણ**

વ્યક્તિદીઠ ખર્ચ રૂા. ૧૦૦૦/- (નોન રીફંડેબલ)

સર્વે ભાવિકોને નમ્ર વિનંતી કે આપ સહ પરિવાર આવો તો ઉત્તમ અગર, એ શક્ય ન હોય તો ઘર દીઠ એક જણ તો જરૂર આવો. મોમાઈમાંની કૃપા સર્વે ઉપર રહે એવી ભાવના સાથે.

**લી. મોમાયા પરિવાર વતી ભોઈમાં**

આપ આપના નામ તા. ૨૯.૧૧.૧૪ સુધીમાં નીચેનાં પ્રતિનિધીઓ પાસે લખાવો.

પ્રફુલ લખમશી મોમાયા : 9320151550,
નિરંજન કેશવજી મોમાયા : 9322224815,
ભુપેશ ચીમનલાલ મોમાયા : 9820787804,
લીના મધુકર મોમાયા : 9321691018

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ॥

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ્સ

મું પરજાઉ તા. અબડાસા વાયા જખૌ પીન : 370640 ફોન:02831-294156, 09537949956

મુંબઈ કાર્યાલય : શ્રી નયન લહેરચંદ મેપાણી, મે. ક્રિસ્ટલ કોલીઈડસ પ્રા.લિ.

અનુપમ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ નં.૧, ઓફ પી. કે. રોડ, મુલુન્ડ (પશ્ચિમ) મુંબઈ - ૪૦૦ ૦૮૦

**સ્નેહશ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો, જય જિનેન્દ્ર**

**સહર્ષ જણાવવાનું કે શ્રી પરજાઉ જ્ઞાતિજનો અને નિયાણી બહેનોનાં કુટુંબોનું સ્નેહ સંમેલન અને મહાજનની સભા રવિવાર તા. ૧૪.૧૨.૨૦૧૪, માગસર વદ ૮, સવંત ૨૦૭૧નાં સવારે ૯.૦૦ વાગ્યાથી નીચેનાં સ્થળે રાખેલ છે.**

**- સ્નેહ સંમેલન અને સભા સ્થળ-**

**શેઠશ્રી નરશી નાથા એ.સી. બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, અનંતસિધ્ધિ કમ્પાઉન્ડ, એલ.બી.એસ. માર્ગ, ભાડુંપ (પશ્ચિમ)**

**કાર્યક્રમ:**

**સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ આગમન, નોંધણી અને ચર્ચા વિચારણા**

**સવારના ૧૦.૦૦ થી ૧૨.૩૦ શ્રી ભક્તિ ભાવના, શ્રી ટ્રસ્ટની જાહેરાતો અને અંતિમ આદેશો.**

**બપોરના ૧૨.૩૦ થી ૧.૩૦ શ્રી સ્વામી વાત્સલ્ય**

**બપોરના ૧.૩૦ થી ૪.૦૦ શ્રી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા, ચા-પાણી અને આભારવિધિ**

શ્રી પરજાઉના જ્ઞાતિજનોને તેમજ ગામની નિયાણી બહેનોને આ પ્રસંગે સહકુટુંબ પધારવા આગ્રહ ભરી વિનંતી છે. શ્રી પરજાઉના જ્ઞાતિજનોને વિનંતી છે કે આપશ્રી આપની નિયાણી બહેનોને તથા જમાઈઓને સહકુટુંબ પધારવા આમત્રંણ આપવા વિનંતી.

**નૂતન ઉપાશ્રયના મુખ્ય નિર્માણ દાતાઓ.**

શ્રી ટ્રસ્ટની વિનંતીને માન આપી નીચેના પરિવારોએ નુતન ઉપાશ્રયના મુખ્ય નિર્માણ દાતા બનવાનો લાભ લીધેલ છે. શ્રી ટ્રસ્ટ તેમની અંતઃકરણપૂર્વક ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**૧. માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હ. ગુલાબભાઈ (અમદાવાદ)**

**૨. માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર હ. સુપુત્ર હરેશભાઈ (અંજાર)**

**૩. માતુશ્રી હીરાવંતી લહેરચંદ મેપાણી પરિવાર હ. સુપુત્ર નયનભાઈ (મુલુન્ડ)**

**૪. માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ પરિવાર હ. સુપુત્ર જયેશભાઈ (મુલુન્ડ)**

નૂતન ઉપાશ્રય અને નૂતન દેરીના નિર્માણ સંબંધી વિગતવાર પરિપત્ર પરજાઉવાસીઓને મોકલેલ છે.

**વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીનો એજન્ડા**

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી
૨. નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ ના ઓડિટેડ હિસાબોની રજૂઆત અને બહાલી
૩. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટેના ઓડિટર્સની નિમણુક
૪. શ્રી નૂતન ઉપાશ્રય અને દેરીના નિર્માણ સંબંધી અંતિમ આદેશો
૫. આગામી ધજા મહોત્સવના ખર્ચને બહાલી
૬. પ્રમુખની સંમતિથી રજૂઆત અને નિર્ણયો.

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલી સભા તેજ દિવસે તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે જેમાં કોરમની જરૂર નહીં રહે.

વધુ માહિતી માટે શ્રી ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી. ફરી એકવાર શ્રી પરજાઉના ક.દ.ઓ. જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યુ નિમંત્રણ.

**લિ. શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસના ટ્રસ્ટીઓ વતી**

**શ્રી ગુલાબભાઈ ધનજી દંડના જય જિનેન્દ્ર.**

## ચર્ચાને ચોતરે

વાચકોના સ્વતંત્ર મંતવ્યો

## દીકરીઓની અવાસ્તવિક અપેક્ષાઓ

દીકરી, 'દીકરી' કહીને દીકરીઓ એટલી બધી અપેક્ષાઓ સેવતી થઈ ગઈ છે કે યુવકોને થાળે પડવું મુશ્કેલ બન્યું છે. આપણી જ્ઞાતિમાં કુદરતી રીતે દીકરીઓની સંખ્યા થોડી ઓછી છે. આજની તારીખમાં આપણી જ્ઞાતિમાં દીકરાને પરણાવવો એ એક વિકટ સમસ્યા છે.

એક - બે સંતાન હોવાથી માતા - પિતા દીકરીઓને પોતાના ગામમાં પરણાવવા ઈચ્છુક હોય છે. સગપણ છુટા થયાના કિસ્સામાં ૮૦ ટકા વાંક દીકરીઓનો હોય છે.

મુંબઈની દીકરીઓ દેશાવરના ઘર અને જહોજહાલી જોઈને હામી ભરે છે અને થોડો સમય વીતી જાય પછી ગામ નથી પસંદ કહીને ના પાડે છે.

આજે આપણી જ્ઞાતિમાં ૩૦ થી ૪૦ વરસની ઉમરના ઘણા યુવાનો કુંવારા બેઠા છે. એક વખત યુવકની સગાઈ અથવા લગ્ન છુટાં થયા પછી કન્યા મળવી મૂશ્કેલ છે. લગ્ન અને સગપણ છુટા થયાના થોડા કિસ્સાઓ ઉપર નજર નાખીએ:

થોડા સમય પહેલાની વાત છે. લગ્નની બધીજ તૈયારીઓ થઈ ગઈ હતી. કન્યા યુવકને કહે કે 'તું મારા શહેરમાં આવીને, મારા ઘરમાં રહે'. યુવક ના પાડે છે, લગ્ન નથી થતા. છોકરાના પરિવારને આર્થિક, માનસિક, શારીરિક કષ્ટ થયું. આ વાતનું દુ:ખ દીકરીના વડીલો કેમ સમજ્યા નહીં?

દેશાવરની વાત છે. એક યુવકના લગ્ન થયા. કન્યા લગ્ન પછી યુવકને કહે કે આપણને અલગ રહેવું છે. યુવકના વડીલ અલગ રાખવાની તૈયારી કરે છે. એની પહેલાં કન્યા ઘર છોડીને જાય છે. છુટા છેડા થઈ ગયા. કન્યાના બીજી ઠેકાણે લગ્ન થઈ ગયા. યુવક માટે કન્યાની શોધ ચાલુ છે.

દેશાવરનો યુવક, ડોંબિવલીની કન્યા, સગપણ થયું. ઘર, વર, ગામ બધું જોઈ લીધા પછી લગ્નની વાત થાય છે ત્યારે કન્યાએ ના પાડી છે. કન્યાને તુરંત બીજો મુરતિયો મળી ગયો. યુવકને બે વરસ પછી કન્યા મળી.

સગપણ કરતી વખતે રીંગ સેરીમનીને નામે લગ્ન જેવા ખર્ચા થાય અને પછી મોબાઈલ નેટ પર વાતચીતમાં વાંધા પડે એટલે એ બધા ખર્ચા માથે પડે. છોકરીઓ સ્વછંદ થઈ જાય એટલી સ્વતંત્રતા શું કામની?

સમસ્ત મહાજન, મુંબઈ મહાજન આ વિષય ઉપર ધ્યાન આપે. સેમિનાર યોજે. યુવતી સાથે યુવકોને પણ માર્ગદર્શન કરે. કાઉન્સેલીંગ કરાવે. યુવકોને ખુબજ માનસિક કષ્ટ સહન કરવું પડે છે.

દેશાવરમાં પણ ખુબ ભણેલા યુવકો છે. મોટા - મોટા ઘર અને બંગલાઓ છે, નોકર - ચાકર છે, કાર છે, બેંક - બેલેંસ છે, સ્વતંત્ર વ્યવસાય કરવાની સુવિધાઓ છે, ઈન્ટરનેટ છે.

અંગ્રેજી માધ્યમની સ્કુલો છે. બાજુના મોટા શહેરમાંથી વિમાન સુવિધા છે. ઘડી - ઘડી મમ્મી સાથે વાત કરવા મોબાઈલ છે. તોય છોકરીઓ ત્યાં જવા કેમ તૈયારી નથી

આંતરજ્ઞાતીય લગ્ન અને સગપણ પણ છુટા થાય છે. પ્રેમ - વિવાહ પણ છુટા થાય છે. કુંડલીઓ મળાવવાનું હજી ચાલુ છે. હવે તો બધી વાતો બાજુ મૂકીને યુવક - યુવતીના મન મળાવવા જરૂરી છે. દીકરીઓની મનમાની રોકવી જરૂરી છે.

આપણી જ્ઞાતિ ૯૦ ટકા સાક્ષર છે તો આ વ્યવહારમાં પણ સાક્ષરતા લાવવી જરૂરી છે. મહાજન પ્રમુખો, બુધ્ધિ જીવીઓ, સમાજસેવકો સામે આવે અને આ સમસ્યાનું નિરાકરણ કરે.

**૨૧.૧૦.૨૦૧૪ દેશાવર**

***- એક મહિલા જ્ઞાતિજન,***

**લગ્ન સંબંધી :**

કે.ડી.ઓ. ચેતન કલ્યાણજી ભેદા ઉ.વર્ષ ૪૬ હાઈટ ૫'-૬", સૉફ્ટવેર કૉમ્પ્યુટર કન્સલન્ટ ધંધો) કૉલેજ ભણતા બે બાળકો, વેલસેટ વિધૂર માટે, યોગ્ય કુંવારી, છુટાછેડા, વિધવા યુવતિ ના, કે.ડી.ઓ સમાજના વડિલો સંપર્ક કરે. નેમચંદ મારૂ (મુલુન્ડ) વેસ્ટ,

**ફોન: 25645527 • મો. 9969365527**

## ગદગ દેરાસરજીનાં શતાબ્ધિ મહોત્સવ પ્રસંગે રચાયેલ વિવિધ કમીટીઓ તથા તેમના ચેરમેન :

૧. વૈયાવચ્છ સમિતિ : શ્રીમતી તરલાબેન કાંતિલાલ નાગડા

૨. પૂજન તથા અનુષ્ઠાન સમિતિ : શ્રી પંકજ વીરજી ગાલા

૩. સ્વાગત સમિતિ : શ્રી લાલજી માણેકજી લોડાયા

૪. ટ્રાન્સપોર્ટ તથા એકોમોડેશન : શ્રી સુજીવ જવેરચંદ સોની

૫. કેટરીંગ સમિતિ : શ્રીમતી મુલકુમારી કુમારપાલ લાલકા

૬. રજીસ્ટ્રેશન સમિતિ : શ્રીમતી ભારતીબેન ખુશાલ ધરમશી

૭. ડેકારેશન તથા પેંડાલ સમિતિ : શ્રી રવિન્દ્ર કુંવરજી લોડાયા

૮. ભક્તિભાવના તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિઃ
શ્રી હિતેન્દ્ર ખીમજી વીરા.

૮. સોવેનિયર સમિતિ : શ્રી વિરેન્દ્ર પદમશી લોડાયા

૧૦. સ્ટેજ રચના અને બહુમાન : શ્રી વિપુલ નરેન્દ્ર લુઠીયા

૧૧. ચૈત્ય પરીપાટી તથા શોભા યાત્રા સમિતિ :
શ્રી ભરત વીરજી ગાલા

૧૨. વિડિયો ફોટોગ્રાફી સમિતિ યાત્રા : શ્રી દિપક જયચંદ ખોના,
શ્રી ગિરીશ કુંવરજી નાગડા

૧૩. વોલેન્ટીયર્સ સમિતિ : શ્રી આશિષ દિનેશ ધરમશી.

## જ્ઞાતિ સંમેલન

આધારભૂત રીતે મળતા અહેવાલો અનુસાર સમસ્ત મહાજન દ્વારા રાયપુરમાં ૨૬-૨૭-૨૮ ડિસેમ્બરના યોજાનાર મુલતવી રહેલ જ્ઞાતિ સંમેલનનું આયોજન કરવા બાબતે સ્થળ - સમય નિશ્ચિત કરવાનો નિર્ણય લેવા સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડની એક સભા નજીકના ભવિષ્યમાં મળશે.

ટ્રસ્ટ બોર્ડ આ આગઉની સભા રાયપુર મહાજન સ્થાનિકે તપાસ કરાવી અનુકૂળ તારીખો જણાવે તે માટે મુલત્વી રખાઈ હતી.

॥ શ્રી મહાવીર સ્વામીને નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

જખૌ મહાજન
Estd. 1966

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

મુંબઈ ઓફીસ : C/O. ભરત જીવાણી ૨૦૧, તોરલ કો.હા.સો., શાસ્ત્રી નગર,
કે.ડી.એમ.સી. હોસ્પીટલ ની પાછળ, ડોંબિવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨ મો : 9833921313

**પ્રતિ,**
**જખૌ મહાજન સભ્યો જોગ,**

**જય જીનેદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની વાર્ષિક સામાન્ય સભા માં બંધારણ સુધારા સમીતીની માહાજનશ્રી દ્વારા રચના કરવામાં આવેલ છે. તે મુજબ બંધારણ માં જરૂરી સુધારા બાબતના આપના સુચનો તથા ફેરફારોને નીચેના સરનામે લેખીતમાં તા. ૩૧/૧૨/૨૦૧૪ સુધી જાણ કરવા વિનંતી. જેના ઉપર બંધારણ સમીતી ચર્ચા વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરશે. બંધારણ ની નકલ રૂા. ૨૫/- ભરીને મહાજનશ્રી ની મુંબઈ ઓફીસ થી મેળવી શકાશે.**

**આપના સુચનો મોકલવાનુ સરનામુ.**
**શ્રી કીશોર ગોવિંદજી કાયાણી**
**એ - ૧૩/૧૦, અપુર્વ અપાર્ટમેન્ટ, ગોવરધન નગર,**
**એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૮૦. મો : 9821915545 / 9920195551**

**લી.**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**
**બંધારણ સમીતી**

પરસ્પર સંમતિથી છુટાછેડા
તા. ૧૫-૧૧-૨૦૧૪
રાજેશ ભવાનજી કલ્યાણજી ધરમશી
બેંગલોર (૪૫)
ભાવના ભવાનજી લક્ષ્મીચંદ મોમાયા
મુંબઈ (૪૫)

---

## આદરાંજલિ



બાંડિયા
ઐરોલી

અરિહંત
શરણ :
તા. ૧.૧૧.૧૪

**શ્રી હીરાચંદ અરજણ પટેલ**
વિરલ વ્યક્તિત્વ, પરંપરાગત વિચારધારા
ઉચ્ચગતિ અપાવે, સંચિત પુણ્ય તમારા
**લલાપો સમસ્ત પરિવાર**

---

## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી હીરાચંદ અરજણ પટેલ**
(બાંઢિયા)
**સ્વ. તા. ૧.૧૧.૨૦૧૪**

***જીવનમાં હંમેશા તનતોડ પુરુષાર્થ કરી કુટુંબ તથા સમાજને રાહ ચીંધનાર, નીડર સ્વભાવી, પ્રમાણીક તથા સામાજીક કાર્યોને પાર પાડવાની કોઠાસુઝ ધરાવનાર તરીકે આપની યાદ હૃદયમાં સદાય ગુંજ્યા કરશે.***

***પરમ કૃપાળુ પરમાત્મા આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના સાથે....***

*વિનિત*
શ્રી રતીલાલ કાનજી ધુલ્લા
**રોહિન કોટન**
વડોદરા

---

## આભાર

જન્મ:
૫-૬-૧૯૫૫



અરિહંત
શરણ :
૧૫-૧૧-૧૪

**સ્વ. મયુર ખીમજી રાયશી લોડાયા**
**બાંડિયા-મુલુંડ**

*અમારા ચિ. મયુરની તા. ૧૫.૧૧.૧૪ ના યોજાયેલ સ્મશાનયાત્રામાં તથા તા.૧૭.૧૧.૧૪ના યોજાયેલ પ્રાર્થના સભામાં જે સગા સંબંધીઓ, જ્ઞાતિજનો, મિત્રો, હિતેચ્છુઓ ઉપસ્થિત રહી અમારા દુઃખમાં સહભાગી બની દિલસોજી વ્યક્તકરી તથા રૂબરૂ, ફોન પર દિલસોજીનાં સંદેશાઓ આપ્યા તેઓ સર્વેનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.*

લી. શોકાતુર
માતુશ્રી લક્ષ્મીબાઇ રાયશી શામજી લોડાયા
પરિવાર (બાંડીયા)
માતુશ્રી ઝવેરીબાઇ હિરાચંદ ખીમજી મોમાયા
પરિવાર (ડુમરા)

---

## तुम को न भूल पायेंगे



**મયૂર ખીમજી રાયશી લોડાયા**
ગામ : બાંડિયા • હાલ : મુલુંડ • ઉંમર : ૫૯
અરિહંત શરણ : ૧૫.૧૧.૨૦૧૪

રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી.
હરેક પ્રસંગે ખટકશે અમને, ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે ક્યારેય કોઈને કડવા લાગ્યા નહીં.
પળવારમાં સૌને એકલા છોડીને ચાલ્યા ગયા.
હે ભગવાન! સૌને જેની જરૂરત હતી તેની તમને શી જરૂર પડી?
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

ભાવભીની શ્રદ્ધાંજલી

SAMO

# બિદડા સેવા સંસ્થાઓના આધાર સ્તંભ લક્ષ્મીચંદ રાંભિયા (બચુભાઈ) રૂપે કચ્છે ગુમાવ્યો કોહિનુર



કચ્છના ગાંધી અને ફાધર ટેરેસા જેવાં બિરુદ પામેલા બિદડાની સેવા સંસ્થાઓના પાયાના પથ્થર લક્ષ્મીચંદ રાંભિયાએ ૮૦ વર્ષની ઉંમરે આ દુનિયામાંથી વિદાય લીધી છે. ૪૦ વર્ષની યુવાન વયે સેવાક્ષેત્રે જોડાઈ ગયેલા આ બચુભાઈએ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ હેઠળ ચાલતી જનરલ હોસ્પિટલ, રીહેબીલેશન સેન્ટર, નેચરોપથી સેન્ટરનો વિશ્વફલક પર ખ્યાતનામ બનાવી દીધાં છે.

તેમનો જીવન મંત્ર હતો કે કોઈ પણ વ્યક્તિને કાંઇ તકલીફ ન થવી જોઈએ. એ જ ન્યાયે બચુભાઈ માટુંગાની પોદ્દાર કોલેજમાં ત્રણ વર્ષ ભણી વેપારીઓને, દુકાનદારોને ઈન્શોરન્સ, ટેક્સેશન, કાયદા - કાનૂન વિશે જાણકારી આપતા. કોલગેટ, અમૂલ જેવી કંપનીની પ્રોડક્ટની એજન્સી પોતે શરૂ કરી અને એ સંદર્ભે વેપારીઓને મળતા ત્યારે તેમને ધંધાકીય અડચણ ન આવે એ માટે માર્ગદર્શન આપતા.

સેવા પ્રવૃત્તિ સાથે તેમના જોડાણની શરૂઆત વિશેષ રીતે થઈ. મુંબઈમાં દાદરમાં બે દીકરા અને એક દીકરી સાથે રહેતા બચુભાઈને ૧૯૭૨માં તેના સસરા કલ્યાણજી માવજી પટેલનું કચ્છીથી તેડું આવ્યું. તેમના સસરા બિદડા ગામના સરપંચ અને માંડવી તાલુકા ગ્રામ પંચાયતના પ્રમુખ હતા અને તેમણે પોતાના ગામમાં નેત્રયજ્ઞ રાખ્યો હતો. એમાં મદદ કરવા જમાઈને તેડાવ્યા. આજથી ચાર દાયકા પહેલાં કચ્છ સાવ ઉપેક્ષિત પ્રદેશ હતો. આરોગ્ય, સ્વચ્છતા, એજ્યુકેશનના નામે બિલકુલ જાગૃતિ નહોતી. એ સમયે હંગામી તંબુમાં યોજાયેલા આઈ - કેમ્પમાં ગ્રામ્ય પ્રજાજનોની હાલત જોઈને બચુભાઈ એવા દ્રવી ગયા કે ત્યારે જ નક્કી કર્યું કે આ આરોગ્યસેવાને કાયમી સ્વરૂપ આપવા કાંઈક નક્કર કરવું પડશે અને લીલાધર ગડા (અધા) અને બચુભાઈએ શું કરવું એની બ્લુપ્રિન્ટ બનાવી. તેમના આઈડિયા જોઈને એક મિત્રએ બિદડા ગામની બહાર ૨૧ એકર જમીન મફત આપી અને ૧૯૭૫-૭૬માં અહીં બાંધકામ શરૂ થઈ ગયું.

૧૯૭૮ માં હોસ્પિટલનું ઓપનિંગ થયું અને એ જ સમયથી બચુભાઈ કાયમી ધોરણે બિદડામાં જ સ્થાયી થઈ ગયા. બચુભાઈએ હોસ્પિટલનું મકાન બાંધતી વખતે એવી દૂરંદેશી રાખી હતી કે એ ૧૨ - ૧૫ બેડની સામાન્ય સારવાર આપતી હોસ્પિટલ ન બની રહેતાં સેંકડો દરદીઓના વિવિધ રોગનો ઉપચાર કરતું શુશ્રૂષાલય બની રહે. આ જ દૂરંદેશીને લીધે આજે ૨૭ એકરમાં હોસ્પિટલ ફેલાયેલી છે. તેમના સદ્‌ભાવ, સેવા અને સૌમ્ય સ્વભાવને લીધે જ દર વર્ષે એવરેજ દોઢ લાખથી વધૂ લોકો અહીં સાજા થાય છે.

સંપુર્ણપણે સેવા અને સંસ્થાને સમર્પિત બચુભાઈ વર્ષોથી બિદડા ખાતે જ રહેતા હતા. ધર્મપત્નીના નિધન બાદ તેમના સાસુજીની પણ સેવા કરી. ૭ નવેમ્બરે રાત્રે નવ વાગ્યા સુધી આગામી મેડીકલ કેમ્પ, સંસ્થાના એક એકમ જૈન સાધુ - સાધ્વીના વૈયાવચ્ચની વ્યવસ્થા કરી રહ્યા હતા. ૮ નવેમ્બર સવારે હેલ્થમાં થોડાં કોમ્પ્લીકેશન્સ છતાં બિદડા હોસ્પિટલમાં દાખલ કર્યા અને ત્યાં જ તેમનો દેહાંત થયો.

કોઈ પણ એક સંસ્થાની શરૂઆત થાય પછી એમાં મોટા ભાગે સમય જતાં તડા પડવા લાગે, હુંસાતુંસી થાય અને આખરે સંસ્થાનું વિલીનીકરણ થાય; જ્યારે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ એક બીજમાંથી વટવૃક્ષ થઈને વધૂ પાંગર્યું છે. સંસ્થાનાં સક્રિય કાર્યકર તથા વિદેશના ડોક્ટરો, વોલન્ટિયર્સ, ડોનર્સ સાથેના સંબંધો વિકસાવનાર વિજય છેડા કહે છે, 'બચુભાઈએ આખી ટીમ ઊભી કરી છે. તેમની વહીવટી વ્યવહારકુશળતા, પ્રામાણિકતા, માણસની પરખ, આયોજનશક્તિ અદભૂત હતાં. માણસને સેવા કરવવાની લગન છે એ જાણી - ચકાસીને તેમણે તેને પૂર્ણ સ્વતંત્રતા આપી છે. ક્યારેય મનસ્વીપણું નથી બતાવ્યું. સૌની સાથે રહી સાથે ચાલી સારું કરવું એ જ તેમનો જીવનમંત્ર રહ્યો.'


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા 92234 25676

**પ્રથમ પુણ્યતિથીએ**
**ભાવભીની શ્રદ્ધાંજલિ**



## સ્વ. શ્રી હેમેન્દ્ર દેવશી મોમાયા

**(સુથરી - વડોદરા)**

**અવતરણ : તા. ૧૯.૪.૧૯૫૨**

**અરિહંત શરણ : તા. ૨૪.૧૧.૨૦૧૩**

*જીવનના દરેક ડગલે, કુટુંબના દરેક પગલે, દુનિયાના દરેક ખૂણે તમે પરિવારના સદા પથદર્શક રહ્યા છો. વર્ષ વીત્યું તમારી વિદાય ને, પણ તમારા સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવે છે. તમારી ઉપસ્થિતિ નથી એ મન માનતું જ નથી. ઘરમાં તમારી તસ્વીર જોઈને અમારા સૌની આંખો છલકાય છે. તમારી ખોટ ક્યારેય પુરાવાની નથી. તમારો લાગણી સભર મિલનસાર સ્વભાવ પળે પળે યાદ આવશે. હસીને રહેવાવાળા આજ અમોને રડાવી ગયા. આંખો ભરીને બેઠા છે, આંસુઓનો દરબાર ભાવભીની શ્રદ્ધાંજલિ આપે છે.*

*તમારો પરિવાર...*

| | |
|---|---|
| માતુશ્રી | : ચંપાબાઈ દેવશી મોમાયા |
| સસરા | : લાલજી રતનશી મૈશેરી |
| ધર્મ પત્ની | : લીના હેમેન્દ્ર મોમાયા |
| પુત્ર - પુત્ર વધુ | : જલ્પા - કૃણાલ હેમેન્દ્ર મોમાયા |
| પુત્રી - જમાઈ | : બિન્દી - સચિન સુર્યકાંત મૈશેરી |
| | પીન્કી - મનીષ જયંત શિયાડ |
| | શ્રુતિ - રિદ્ધિશ ગોવિંદજી ધરમશી |

## ગુજરાતી ગીતોનો રસોત્સવ

ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્ર દ્વારા શરૂ થયેલી ગુજરાતી સુગમ સંગીતની નવી શ્રેણીમાં મનખો રમતો ચલકચલાણુંનું આયોજન ૨૦ નવેમ્બરે ચોપાટીમાં ભવન્સ ઓડિટોયમમાં થયું. આ કાર્યક્રમમાં આસિત દેસાઈ, હેમા દેસાઈ, રેખા ત્રિવેદી, વિરાજ - બીજલ, જાહન્વી શ્રીમાંકર, ધ્વનિત જોશીએ ઉદય મઝુમદારના કંઠે કવિ વેણીભાઈ પુરોહિત, બાલમુકુંદ દવે તથા નંદકુમાર પાઠકનાં ગીતો રજૂ કર્યા સંગીત સંકલન ઉદય મઝુમદાર અને કાર્યક્રમનું સંચાલન સુરેન ઠાકર મેહુલ કર્યુ નિરંજન મહેતાની સંકલ્પના સાકાર કાર્યક્રમના સંયોજક કમલેશ મોતાએ કરી.

## ગિરા ગુર્જરી પરિતોષિક

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા આયોજિત અને દ્વિરેકભાઈ રાજ દ્વારા પુરસ્કૃત વીરેનભાઈ કલ્યાણજીભાઈ રાજપોપટની સ્મૃતિમાં ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા ૨૦૧૪ નાં પરિણામો પ્રમુખ હારિતભાઈ ચિતલિયા અને અધ્યક્ષ ડો. યશવંત ત્રિવેદીએ જાહેર કર્યા છે, જેમાં નવલકથામાં પ્રથમ પારિતોષિક નીલમ દોશિને 'દોસ્ત', મને માફ કરીશ ને! દ્વિતીય પારિતોષિક ઉજમશી પરમારને 'જન્મારો' અને હરેશ ધોળકિયાને 'નિયતિનું સંતાન', કાવ્યમાં પ્રતમ પારિતોષિક ડો. માલા કાપડિયને 'અઢીવત્તા ત્રણ', નીરવ વ્યાસને 'સંદર્ભો વચ્ચે', દ્વિતીય પારિતોષિક અલકા ભટ્ટને 'શિવાની - એક સફર', જયશ્રી દલાલને મારી 'અંતરયાત્રા', નિબંધમાં પ્રથમ પારિતોષિક મંજરી ખાંડવાળાને 'ચિર વસંત' પ્રા. સવિતા બોજવાનીને 'આ કોણ મને સાદ પાડે?', દ્વિતીય પારિતોષિક બકુલ દવેને 'અક્ષયપાત્ર', હરિવંદન મહેતાને 'આ દૂરનું આકાશ', નવલિકામાં પ્રથમ પારિતોષિક ચંદ્રિકા લોડાયાને 'ભવોભવ', નિર્મળા દેસાઈને 'સંવેદનાના સૂર', દ્વિતીય પારિતોષિક પાયલ શાહને 'નોખી દુનિયા - અનોખી દુનિયા', નેહા આચાર્યને 'જીવતરના રંગો' અને સંસ્કૃતિ/વિવેચનમાં પ્રથમ પારિતોષિક ડો. સેજલ શાહને 'મુઠ્ઠી ભીતરની આઝાદી', કમલેશ શુકલને 'આનંદનો રાજમાર્ગ' તથા દ્વિતીય પારિતોષિક ડો. હંસા પ્રદીપને 'સુવર્ણ વૃક્ષનાં ખરતાં પાન', સુવર્ણા જૈનને 'વિરોધ, વિદ્રોહ પછી વિસ્ફોટ'નો સમાવેશ થાય છે.

## મૃત્યુ પશ્ચાતની વિધિ : ભાગ ૩- પ્રતિક્રિયા કે અંતિમ વિધિ

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી કોઠારા - સુરત મો. 09978903247

સમગ્ર વિશ્વમાં ધર્મ, નાત, જાત કે સંસ્કૃતિ ભલે અલગ હોય પણ મૃત્યુને એક દુ:ખદ પ્રસંગ માનવામાં આવે છે અને દરેક વ્યક્તિ પરિવારને આ પ્રસંગ કે ઘટનાનો સામનો કરવો જ પડે છે. તેથી મૃત્યુ સમયે મૃતકના પરિવારજનોને આશ્વાસન, સાંત્વના કે દિલાસો આપવાની પરંપરા અને પ્રથા છે. કેટલીક વાર કેટલીક વગદાર વ્યક્તિઓને જાહેર શ્રધ્ધાંજલિ આપવાની પણ પ્રથા છે. નેતાઓના માનમાં રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવાનો કે પ્રસંગોની ઉજવણી ન કરવાનો અને સરકારી ચેનલો કે રેડિયો પર મનોરંજનના કાર્યક્રમ ન પ્રસારિત કરવાનો કે જાહેર રજા આપીને રાષ્ટ્રીય શોક મનાવવાની પ્રથા પણ છે.

હિન્દુઓમાં ગર્ભધારણથી મૃત્યુ પછીની એમ અલગ અલગ સોળ પ્રકારની વિધિઓ પ્રચલિત છે, જેને સોળ સંસ્કાર કહે છે. મૃત્યુ એ મનુષ્યનું અંતિમ તબક્કો છે તેથી તે પ્રસંગે થતી વિધિ માટે 'અંતિમ સંસ્કાર' શબ્દ પ્રયોગ થાય છે. આ સોળ સંસ્કારની વિધિઓ ખુબ જ અટપટી હોય છે અને દરેક વખતે પંડિત કે મહાજનની જરૂર પડે છે અને તે કઈ રીતે કરવી તે યજમાનની આર્થિક સામાજીક અને કેટલીક વાર રાજકીય સ્થિતિ પર નિર્ભર કરે છે. વિધિ સાદાઈથી પણ થાય અને ભવ્ય રીતે પણ થાય તેથી મૃત્યુ પ્રસંગે સાદાઈથી વિધિ કરવી કે ધામધૂમથી તે વાત સર્વમાન્ય રીત નક્કી કરવી મુશકેલ છે. કારણ કે મૃત્યુ પશ્ચાતની વિધિ કેટલીક વાર પરિવાર જનોની કે અન્ય લોકોની મૃતક પ્રત્યેની લાગણી કે ભાવનાની પ્રતિક્રિયા હોય છે. પણ મોટા ભાગના કિસ્સામાં એક વ્યવહાર રીવાજ જરૂર છે. મેં અગાઉ લખેલ કે મૃત્યુના અલગ અલગ પ્રકાર હોય છે તેવી જ રીતે મૃત્યુના પ્રકાર પ્રમાણે આ મૃત્યુ પશ્ચાત વિધિના અલગ અલગ પ્રકાર હોય શકે.

સૌ પ્રથમ તો મૃતકનું પાકટ વયે એટલે કે વૃધ્ધાવસ્થામાં મૃત્યુ થાય તો તેને એક જૈવિક પ્રક્રિયા માનીને ઓછો શોક પાળવામાં આવે છે. કેટલાક કિસ્સામાં તો આવા મૃત્યુનો મહોત્સવ મનાવવામાં આવે છે. જેમાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં લોકોની વ્યવહાર પ્રતિક્રિયા હોય છે. જેમાં અપવાદ બાદ કરતાં લાગણી ઓછી હોય છે. સુરતમાં આવા મૃત્યુ માટે 'ઝાડ પડયુંને જગ્યા થઈ' એવો શબ્દ પ્રયોગ પણ મેં સાંભળ્યો છે.

તો અકાળ મૃત્યુ થાય ત્યારે સગા સબંધીઓમાં સહાનુભૂતિ વધારે અને શોક ઓછો હોય. જેમકે હાલમાં આપણી જ્ઞાતિમાં બે યુવાન મિત્રોના અકસ્માતના કારણે અકાળ મૃત્યુ થયા તેમાં જ્ઞાતિના જાણ્યા - અજાણ્યા સૌને મૃતકના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ થઈ. આવા મૃત્યુ સમયે મૃતકની અંતિમ યાત્રા કે પ્રાર્થનામાં લોકોની ઉપસ્થિતિ વધારે હોય છે. આ એક સ્વયંભૂ પ્રતિક્રિયા છે તેવી રીતે એકાદ વર્ષ પહેલાં ઉત્તરાખંડમાં આવેલી હોનારત કે ૨૦૦૧માં કચ્છમાં આવેલ ધરતીકંપ પ્રસંગે મૃત્યુ પામેલાને ઘણી સંસ્થાઓ સામુહિક શ્રધ્ધાજંલિ આપેલ જેમાં સહાનુભૂતિ કારણભૂત હોય છે. લગભગ એવી જ પ્રતિક્રિયા જ્યારે કોઈ વ્યક્તિ આત્મ હત્યા કરે છે ત્યારે સમાજની હોય છે. થોડા મહિના પહેલાં



લેણદારોના ત્રાસથી આત્મહત્યા કરેલ ત્યારે સૌ જ્ઞાતિજનોમાં દુ:ખ અને મૃતક પરિવાર પ્રત્યે સહાનુભૂતિની લાગણી થઈ જે વ્યવહાર પ્રતિક્રિયા કરતાં કંઈક વિશેષ છે.

મેં અગાઉ લખેલ છે કે મૃત્યુ એ એક જૈવિક શારીરિક પરિસ્થિતી હોઈ શકે, પ્રસંગ હોઈ શકે,ઘટના કે દુર્ઘટના હોઈ શકે અને તેથી તેના પ્રત્યે દરેકની અલગ અલગ પ્રતિક્રિયા હોઈ શકે જે કેટલીક ઉપર દર્શાવેલ છે. પણ મુખ્ય વાત તો મૃતક સાથેના આપણા સબંધત્ત્ક છે. આપણે સૌએ ટી.વી. કે સિનેમામાં ક્યારેક જોયું હશે કે પોલીસને કોઈ લાશ મળે ત્યારે લાશ સાથે મળેલા કોઈ કાંડ કે ફોનના આધારે મૃતકના સંભવિત સગા સબંધીઓને લાશની ઓળખ માટે બોલાવે છે. ત્યારે ઓળખાણ માટે આવનાર વ્યક્તિ લાશના ચહેરાપરથી સફેદ વસ્ત્ર ઉઠાવીને લાશને ઓળખવાનો પ્રયાસ કરે છે. ત્યારે જો લાશ તેના સબંધીની ન હોય તો હર્ષની અને લાશ જો તેના સબંધીની હોય તો રૂદનની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. આમ મૃત્યુ તો છે પણ પ્રતિક્રિયા અગલ છે.

સ્વ. પ્રધાનમંત્રી ઈંદિરા ગાંધીનું મૃત્યુ તેનાં 'બોડી ગાર્ડ'એ ગોળી મારીને કર્યુ કે 'નિર્ભયા' બળાત્કાર કેસમાં દિલ્હીમાં કોઈ અજાણી યુવતિને બળાત્કાર કરીને મારી નાખવામાં આવી ત્યારે જનતાનો આવા અપમૃત્યુ પ્રસંગે જે પ્રતિભાવ હતો તે દુ:ખ રોષ નિશ્ચિત હતો અને તેમની અંતિમ યાત્રામાં અભૂતપૂર્વ લોક સંખ્યા હતી. આવી પ્રતિક્રિયા માટે જન આક્રોશ કરી શકાય. લગભગ તેવી જ પ્રતિક્રિયા કોઈ વ્યક્તિ સરકારી અન્યાય સામે આત્મવિલોપન કરે છે ત્યારે હોય છે પણ તેનું પ્રમાણ (Degree) ઓછું હોય છે.

કેટલીક વાર કોઈ વ્યક્તિ સાથે આપણાને કોઈ સબંધ ન હોય ન ઓળખાણ હોય પણ માન હોય ત્યારે તેના મૃત્યુની પ્રતિક્રિયા અલગ હોઈ શકે, દા.ત.મહમદ રફી સાહેબ કે નૌશાદ સાહેબ જેવા સંગીત જગતના સિતારાઓનું નિધન થયું ત્યારે મારા જેવા ઘણા સંગીત રસિકોની આંખ ભીની થાય પણ રૂદન ન આવે, જ્યારે આપ્તજન જેવા કે માતા, પિતા, દાદા, દાદી, બનેવી, બહેન કે ફોઈનું નિધન થાય ત્યારે રૂદન એ સહજ

***અનુસંધાન ૨૩માં પાને***


## શ્રી આણંદ પરિવાર તરફથી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી

*ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,*
*અગણીત છે ઊપકાર એમના, એહ કદિ વિસરશો નહિં.*

૨૭ મી પુણ્યતિથી



**પિતાશ્રી શામજી કેશવજી દંડ**
**દેહવિલય તા.૧૩-૧૨-૧૯૮૭**

**(તેરા કચ્છ)**

**સપ્તમી પુણ્યતિથી**



**માતુશ્રી વિજ્યાબેન શામજી દંડ**
**દેહવિલય તા.૦૩-૧૨-૨૦૦૭**

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ બક્ષે તેમ આપ બાળપણથી અંત સુધી તનતોડ મહેનત કરી અમોને સુખનો સાગર સોંપતા ગયા. આપનો નિ:સ્વાર્થ સ્વભાવ, નીડરતા, પ્રમાણિકતા અને વ્યવહારિક કોઠાસુઝનો વારસો અમારા માટે હંમેશાં માર્ગદર્શક બની રહેશે. આપના અધુરા સ્વપ્નોને પૂર્ણ કરવા ઈશ્વર અમને શક્તિ આપે અને આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ બક્ષે એવી પ્રાર્થના..

**~ શ્રધ્ધાંજલિ સુમન ~**

**સમસ્ત આણંદ પરિવાર**

**નરેન્દ્ર, ચિમન, હરીશ, હિરેન, મધુકાંત તથા મણીબેન અને પુત્રવધુઓ-બાળકો તેમજ સમસ્ત પરિવાર**

## સફળ વીમા એજન્ટ, કુશળ વહીવટકાર, ભલારા ભુવા અને અનુષ્ઠાનકાર
## કિશોર જીવરાજ સાંયા



કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના મોભીશ્રી કિશોરભાઈ જીવરાજ સાંયા કે જેઓ વિમા ક્ષેત્રે કચ્છમાં પ્રથમ કરોડપતિ એજન્ટ સરહદી વિસ્તાર અને પછાત એવા વિસ્તાર અબડાસામાંથી થયા અને કચ્છનું ગૌરવ વધારેલ છે. તેઓ કચ્છ અને સૌરાષ્ટ્રના વીમા એજન્ટોના આગેવાન છે.

વિદ્યાર્થી જીવનમાં અંજારની શેઠ ડી. વી. હાઈસ્કુલમાં સતત ત્રણ વર્ષ સુધી વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે સેવાક્ષેત્રમાં પ્રવેશ કર્યો. સદગુરૂ સેવા સંઘમાં કચ્છ જિલ્લામાં ૧૯૭૨ થી અછતની પરિસ્થિતિમાં સુખડી વિતરણ તેમજ ઢોરવાડાના સંચાલન માટે મદદનીશ તરીકે ત્રણ વર્ષ સેવા આપી હતી. ત્યારબાદ કોઠારા જૈન મિત્ર મંડળના મહામંત્રી, કોઠારા જૈન મહાજનના મહામંત્રી, શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમના ઓફીસ મંત્રી તરીકે પાંચ વર્ષની મુદત સુધી રહ્યા.

કોઠારા સીટ ઉપરે જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સર્વાનુમતે તા. ૨૬.૫.૧૯૮૫ થી અને ત્યારબાદ ચુંટણી જીતીને જિલ્લા પંચાયતમાં બે ટર્મમાં લાગલગાટ નવ વર્ષ સુધી સભ્યપદે રહી જિલ્લા પંચાયતમાં આરોગ્ય સમિતીના ચેરમેનપદે, કારોબારી સમિતિના સભ્યપદે તથા બાંધકામ સમિતીમાં સભ્યપદે રહી લોકોની સેવા કરી કચ્છના તેમજ ખાસ અબડાસા વિસ્તારના દવાખાનાઓ વગેરેને કાર્યરત કરેલ અને રસ્તાઓને પાકા કરવા ખુબજ જહેમત ઉઠાવી. ઘણા રસ્તાઓ એમના વખતમાં બનાવેલ હતા.

ભુજમાં તેઓ જૈન સૌશ્યલ ગ્રુપ ભુજના મહામંત્રીપદે તેમજ ગ્રુપના ઉપપ્રમુખ પદે રહી ગ્રુપને આગળ ધપાવેલ. તે સિવાય ભુજ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખપદે સતત આઠ વર્ષ સુધી રહી મહાજનને પણ આગળ લાવેલ.

કચ્છ જિલ્લાની એસ. ટી. સલાહકાર સમિતીમાં પણ સભ્ય તરીકે રહી અબડાસાની જનતાને માટે એસ.ટીની સગવડમાં વધારો કરાવી અનેક વણઉકેલ પ્રશ્નોને વાચા આપી નીવેડો લાવેલ. ભારાપર ટી.બી. સેનેટોરીયમમાં સલાહકાર સમિતીના સભ્ય તરીકે પણ રહેલ.

હાલે તેઓ કચ્છ પ્રવાસન અને હસ્તકલા વિકાસ ફેડરેશન પ્રમુખપદ શોભાવી અને પ્રવાસ અંગે હસ્તકલા વિશેની યોજનાઓને ફળીભૂત કરી રહ્યા છે. જેના સ્થાપક પ્રમુખ શ્રી મ. કુમારશ્રી હિંમતસિંહજીબાવા છે. કોઠારા જ્ઞાતિ મહાજનના કારોબારી સભ્યપદે તેમજ ક.દ.ઓ. કચ્છ એકમના આજીવન સભ્યપદે પણ ચાલુ છે.

પ. પૂ. ભલારા દાદા સુજાપુર તા. અબડાસા સ્થાનના તેઓ ભુવા છે. તેઓએ સુથરીથી લાલપુર ભાવિકોના સહયોગથી પગપાળા સંઘનું આયોજન કર્યું હતું. હાલે સુથરી પ. પૂ. શ્રી ભલારા દાદા દેવાલયના છેલ્લા સાત વર્ષથી મેનેજીંગ ટ્રસ્ટીપદ ભોગવી એ દેવાલયના પ્રગતિ મોટેના અનેક વિકાસ કામો ભાવિકોના સહયોગથી કરી રહ્યા છે. જૈન ધર્મમાં પણ તેઓએ ઘણી તપસ્યાઓ કરેલ છે. ચાર અઠ્ઠાઈઓ, બે સોળ ઉપવાસની તો તપસ્યા કરેલ જ છે. ચારગતિ નિવારક અનુષ્ઠાનનાં વિધિકાર તરીકે તેમણે કચ્છના કચ્છી દશા - વિશા - વાગડ વિશા જ્ઞાતિ સંઘોમાં નામના મેળવી છે તેમજ આ અનુષ્ઠાનોમાં નિશ્રા આપનારા સાધુ - સાધ્વીઓ પણ તેમના ધાર્મિક જ્ઞાનથી પ્રભાવિત થાય છે.

રચનાત્મક આગેવાન અને ધાર્મિક જાણકાર તરીકે તેઓ સમસ્ત કચ્છ સ્તરે સેવા આપી રહ્યા છે.


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુળજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

# મહિલાઓ સાથે વેતનમાં થતો ભેદભાવ યોગ્ય?

વનિતા



વિશ્વ

હાલમાં આઈઆઈએમ અમદાવાદના સંશોધકોએ કરેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે, ઉચ્ચ હોદ્દા પર રહેલી મહિલાઓને પુરુષ હોદ્દેદારોની તુલનાએ ૩૮.૫૮ ટકા ઓછું વેતન આપવામાં આવે છે. જોકે, આવું ભેદભાવભર્યું વર્તન માત્ર ભારતમાંજ નથી થતું, વિશ્વના અનેક દેશોમાં સ્ત્રી - પુરુષોનાં વેતન વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે એવો છે.

ન્યૂ યૉર્ક ટાઈમ્સના ૧૬૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા ઓક્ઝિક્યુટિવ તરીકે તંત્રીની નિમણૂક પામનારા જીલ એબ્રેમસનને પણ હવે કદાચ દરવાજો દેખાડી દેવામાં આવશે. કેમકે પોતાના પુરોગામી પુરુષ તંત્રી કરતાં પોતાને ઓછું વેતન અપાતાં તેમણે મેનેજમેન્ટ સાથે આક્રમક દલીલો કરી હતી.

દરેક ક્ષેત્રમાં પુરષો મહિલાઓ પર આધિપત્ય ધરાવતા આવ્યા છે. ઘર ઓફિસ કે સામાજિક વર્તુળ હોય, બધેજ પુરુષપ્રધાનતા જોવા મળે છે. જોકે, એક સમયે મહિલાઓ પરૂષો જેટલી શિક્ષિત કે સક્ષમ ન હોવાને કારણે આ ભેદભાવને સાંખી લેતી હતી, પરંતુ વર્તમાન યુગમાં તે પુરુષસમોવડી બનીને દરેક ક્ષેત્રમાં તેની પ્રતિસ્પર્ધી બની ગઈ છે. તે આર્થિક અને સામાજિક રીતે સ્વતંત્ર બની છે, પરંતુ આવી આધુનિક મહિલાને સહજતાથી સ્વીકારવામાં આવી નથી. સ્ત્રી - પુરુષ સમાનતાની બાબતમાં ભારત છેલ્લેથી પેહલા ક્રમે આવે છે, એ અત્યંત શરમજનક છે. આ અંગે બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન જેવા દેશમાં કરવામાં આવેલ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, ભારતીય પુરુષની તુલાનાએ ભારતીય કામકાજી મહિલાની વાર્ષિક આવક એક તૃતિયાંશ ઓછી છે. આર્થિક ભાગીદારીની બાબતમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે ૪૧ ટકાનું અંતર છે અને રાજકીય સશક્તિકરણની દ્રષ્ટિએ આ અંતર ૮૨ ટકા છે.

યુટીવીના સહસ્થાપક તથા ૨૦ વર્ષથી તેના ચીફ ક્રિએટિવ અધિકારી તરીકે કાર્યરત ઝરીના સ્ક્રુવાલાએ કહ્યું હતું કે, ભારત સહિત વિશ્વમાં બધેજ સમાન કામ માટે મહિલાઓને ઓછું વેતન જ આપવામાં આવે છે. ટીવી ઉદ્યોગમાં અભિનેત્રીઓ મુખ્ય નાયિકા તરીકે સિરિયલની જવાબદારી પોતાના ખભે ઉપાડતી હોવાથી તેમને સારું અને ક્યારેક તો મોં માગ્યું મહેનતાણું મળતું હોય છે, પરંતુ મહિલા એક્ઝિક્યુટિવનું વેતનની બાબતમાં શોષણ જ થતું હોય છે.

આઈઆઈએમ એના અભ્યાસમાં પણ આજ વાત ટાક્તાં કહેવામાં આવ્યું છે કે, એકોમોડેશન અને ફૂડ સર્વિસમાં રહેલી મહિલાઓ ૪. ૧૯ ટકા અને આર્ટ્સ, એન્ટરટેન્મેન્ટ તથા રિક્રિયેશન ઉદ્યોગમાં રહેલી મહિલાઓ ૪૧.૧૭ ટકા ઓછું વેતન મેળવે છે. એવું નથી કે માત્ર મહિલાને વેતનના મુદ્દે જ ભેદભાવનો સામનો કરવો પડે છે. ઉચ્ચ હોદ્દા પર જ્યારે નિમણૂક કરવાની હોય છે ત્યારે પણ તેની પાસે શૈક્ષણિક ક્ષમતા અને અનુભવની લાયકાત હોવા છતાં બીજા ક્રમાંકે જ રાખવામાં આવે છે. ઉત્પાદન ઉદ્યોગમાં મહિલાઓને માર્કેટીંગ જેવા ફંક્શનલ અને ઓફિસ વર્ક માટેજ રાખવામાં આવે છે. રિયલ એસ્ટેટ, એનર્જી, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર પ્રોફેશનલાઈઝડ ન હોવાથી ત્યાં જૂજ મહિલાઓ જોવા મળે છે.

દેશની બીજા ક્રમાંકની બિયર કંપનીની વાઈસ પ્રેસિડન્ટ છે ૪૧ વર્ષની કવિતા બગ્ગા. પુરુષપ્રધાન બિયર ઉદ્યોગની આ એકમાત્ર મહિલા બોસ કહે છે કે, રિટેલ, સેલ્સ અને અન્ય મહત્વના કાર્યોમાં મહિલાઓની નિમણૂક કરવાનો અમે સભાનપણે પ્રયાસ કરીએ છીએ.

જોકે, આઝાદી બાદના વર્ષોમાં ભારતમાં સ્ત્રી / પુરુષ સમાનતાની બાબતમાં ઘણો સુધારો આવ્યો છે. આમ છતાં મહિલાઓ ઘરની જવાબદારીને લીધે ઓફીસ વર્કને પૂરતો ન્યાય નહીં આપી શકે એવી પરંપરાગત માન્યતાને કારણે તેમની ઉચ્ચ હોદ્દે નિમણૂક કરવામાં આવતી નથી. તેજ પ્રમાણે પુરુષોની જેમ મહિલાઓ સમય અને શક્તિનું પ્રદાન કરી શક્તી નથી. આથી સમાન હોદ્દે હોવા છતાં તેને ઓછો પગાર ચૂકવવામાં આવે છે. ભારતમાં ઉચ્ચ હોદ્દે ૧૦ ટકા જેટલી મહિલાઓજ હોવાનું અભ્યાસમાં જાણવા મળ્યું છે.

વિમેન્સ રિચર્સ ગ્રુપના અહેવાલમાં છે કે ઊંચું વેતન ધરાવતી નોકરી ક્ષેત્રમાં મહિલાઓ છે છતાં તેમને ઓછો પગાર જ મળે છે. 'વિમેન ડોન્ટ આસ્ક' પુસ્તકના લેખિકા લિન્ડા બેબકોક અને સારા લેસ્ચેવા જણાવે છે કે પોતાને વધુ વેતન જોઈએ છે કે ઘરના કામ માટે મદદ જોઈએ છે તે વિશે પૂછતાં મહિલા મુંઝાય છે. ક્યારેક તો આવું પૂછી શકાય કે કેમ તેની પણ તેને ખબર હોતી નથી.

ભારતીય બંધારણમાં સ્ત્રી - પરુષને સમાન કામ માટે સમાન વેતનનો નિયમ છે, પરંતુ સરકારે જ આ નિયમ લાગુ કર્યો નથી. સરકારી રોજગાર યોજનામાં કામ કરનારી મહિલાઓને લઘુતમ વેતનથી પણ ઓછું મહેનતાણું ચૂકવવામાં આવે છે.

પિતાના રિયલ એસ્ટેટ બિઝનેસમાં જોડાવવા ન્યૂયોર્કથી પરત આવેલી ઈન્વેસ્ટમેન્ટ બેન્કર મિતાલી બજાજે કહ્યું હતું કે શરૂઆતમાં હું જગ્યા શોધવા નીકળતી તો અન્ય એસ્ટેટ એજન્ટ મને ગંભીરતાથી લેતા નહીં. તેઓ મને ઓફિસમાંથી કોઈ પુરુષને લાવીને વાત કરવાનું કહેતા હતા. જો કે, હવે તેમની દ્રષ્ટિકોણમાં ફરક પડયો છે છતાં ભેદભાવભર્યું વલણ તો જોવા મળે જ છે.

ટેક્નોલોજી ક્ષેત્રમાં મહિલા - પુરુષના વેતન વચ્ચેના તફાવત વિશે કરવામાં આવેલ અભ્યાસ 'હાઈ પોટેન્શિયલ અન્ડર હાઈ પ્રેશર' વિશે વાત કરતાં ડબલ્યુઆરસી સંસ્થાની ઓક્ઝિક્યુટીવ ડિરેક્ટર શચી ઈરડેએ કહ્યું હતું કે, હાઈ પોટેન્શિયલ વિમેન પુરુષોની સમાન કક્ષાએજ કારકિર્દીનો આરંભ કરે છે. તેમનો હોદ્દો, વેતન અને મહત્વકાંક્ષા સમાન હોય છે. આમ છતાં બાર વર્ષના અંતે તેમને પુરુષોની તુલાનએ રૂા. ૩,૮૦,૦૦૦નું આર્થિક નુકસાન અને પ્રગતિ કરવાની જૂજ તક પ્રાપ્ત થાય છે. મહિલાઓએ ઘરની જવાબદારી પણ નિભાવવાની હોવાથી ભારતના ટેક્નોલોજીક્ષેત્રમાં પણ તેમની સ્થિતી કફોડી જોવા મળે છે.

પ્રોફેશનલ મહિલાઓની પ્રગતિમાં મદદરૂપ બનવા શરૂ થયેલી વેબસાઈટ wearethe city.com ના લોન્ચિંગમાં 'હિલ્સ ઓર સ્ટીલઃ સર્વાઈવિંગ એન્ડ થ્રાઈવિંગ ઈન ધ કોપોરેટ વર્લ્ડ' પુસ્તકનાં લેખિકા વેનિસા વેલીએકહ્યું હતું કે, મહિલાઓ ઉચ્ચ વેતન માટે વાટાઘાટ કરતી નથી. જે મળે તેને થેક્યું કહીને સ્વીકારી લે છે. મહિલાઓ શરમાળ હોવાથી ઉચ્ચ વેતન અને પ્રમોશન બાબતે પૂછતી નથી. તેમના મનમાં ડર હોય છે કે જો તે પૂછશે તો તેના સ્થાને અન્ય પુરુષની નિમણૂક કરી દેવામાં આવશે.

ભારત હોય કે અમેરિકા, આંગળીના વેઢે ગણાય એટલીજ મહિલાઓ ઉચ્ચ હોદ્દા પર પહોંચી શકે છે. બાકીની મોટાભાગની મહિલાઓની તો સપોર્ટ પોઝિશન (એચઆર અથવા કોમ્યુનિકેશન) જ આપવામાં આવે છે. મોટાભાગની કંપનીઓ તેમના એ ગ્રેડના અધિકારીઓમાંથી જ બોસની પસંદગી કરે છે અને હકીકત એ છે કે આ કંપનીઓ મહિલા કર્મચારીઓને એ ગ્રેડ સુધી પહોંચવા દેતી જ નથી.

આ ઉપરાંત દ્રઢ મનોબળ ધરાવતી મહિલાને આજે પણ પુરુષો કટ્ટર હરીફ ગણીને તેનો સામનો કરતા ડરતા હોય છે. તેજ પ્રમાણે ભારતમાં કંપની બોર્ડને પુરૂષોનો ગઢ માનવામાં આવે છે. અહીં વ્હાઈટ કોલર જોબમાં ૭.૫ ટકાથી ૮.૫ ટકા મહિલાઓ જ ઉચ્ચે હોદ્દે છે.

દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સે કરેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે સામાન્ય રીતે લગ્ન બાદ અને સંતાનોનો ઉછેર માટે મહિલા નોકરી છોડી દે છે. આથી કારકિર્દીના આરંભે વેતન અને પ્રમોશન બાબતે તેની સાથે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવે છે. આમ છતાં જ્યારે તે કામ પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવે ત્યારે અધિકારી તને પૂરતી તક આપે છે.

જોકે, એક હકીકત એ પણ છે કે, મહિલા પાસેથી સંતાનના ઉછેર માટે નોકરી છોડી દેવાની અપેક્ષા રાખવામાં આવે છે. આથી તેણે નોકરીમાંથી બ્રેક લેવો પડે છે અથવા પોતાની જવાબદારી નિભાવવા સાથે પાર્ટ ટાઈમ જોબ સ્વીકારવો પડે છે. આવી મહિલાઓ સંતાન મોટા થઈ જતાં ફૂલ ટાઈમ નોકરી માટે પાછી ફરે છે ત્યારે તેમને પુરુષોની તુલાનાએ ઓછો પગાર ઓફર કરવામાં આવે છે. મહિલાઓ સાથે થતું ભેદભાવભર્યું વર્તન દૂર કરવું એક મોટો પડકાર છે. આમ છતાં આશા રાખીએ કે ભવિષ્યમાં આ વિચારધારા બદલાશે અને તેમને સમાન તક તથા સમાન વેતન મળશે.

***- ભાવના જોશી (જન્મભૂમિ માંથી સાભાર)***

## આરોગ્ય પ્રકાશ: સ્વસ્થ રહેવું હોય તો રોજ કરો તલના તેલના કોગળા

સવારે ઊઠીને બ્રશ કરી નહાઈ ધોઈને તૈયાર થઈએ એ શરીરને સ્વચ્છ કરવાની પ્રાથમિક બાબતો છે. જોકે આયુર્વેદમાં સ્વસ્થ રહેવા માટેની રોજિંદી દિનચર્યામાં ગંડૂષ (ઓઈલ પુલન) પ્રક્રિયાનો પણ સમાવેશ થયો છે જે આજે લગભગ સાવ જ ભુલાઈ ગઈ છે. ગંડૂષ એટલે મોંમાં તેલ ભરી કોગળા કરવા ટૂથપેસ્ટોની હરીફાઈમાં આપણી સેંકડો સદીઓ જૂની પ્રમાણભુત એવી આ પ્રક્રિયાનું મહત્ત્વ ભૂંસાતું ચાલ્યુ છે.

ગંડૂષને વધુ પ્રધાન્ય નથી મળ્યું એનું કારણ કદાચ લોકો એને દાંત સાફ રાખવાની અને મજબૂત રાખવાની ક્રિયા સુધી જ સીમિત માની રહ્યા છે. યસ, મોમાં તેલ ભરવાની પ્રક્રિયા દાંતના સ્વાસ્થય સાથે જરૂર સંકળાયેલી છે, પણ દાંતની સ્વચ્છતા આપણા શરીરના વાઈટલ અવયવોને પણ અસર કરે છે એ વાત કેમ ભુલાઈ જાય? દાદીમાના વૈદકમાં વિશ્વાસ ધરાવતા લોકો પણ ગંડૂષને માત્ર ડેન્ટલ હેલ્થ માટે જ મહત્ત્વનું સમજે છે અને આજની યંગ જનરેશને તો કદાચ ગંડૂષ શબ્દ પણ પહેલી વાર સાંભળ્યો હશે. જોકે સધિયારો આપતી બાબત એ છે કે પશ્ચિમના દેશોના કેટલાક ફિઝિશ્યનો ગંડૂષનો પ્રસાર કરી રહ્યા છે અને સાયન્ટિસ્ટો પણ આયુર્વેદે કહેલા ગંડૂષના ગુણો અને પુરાવાઓ દ્વારા ચકાસવા મથી રહ્યા છે. અંગ્રેજીમાં આ ક્રિયાને ઑઈલ પુલિંગ થેરપી નામ આપવામાં આવ્યું છે. આ થેરપીએ પશ્ચિમના યંગસ્ટર્સને સારા એવા આકર્ષ્યા પણ છે. કમનસીબી એ છે કે ભારતમાં જન્મેલા શાસ્ત્રને પશ્ચિમમાં દેશો સારું માને એ પછી જ આપણને આપણા શાસ્ત્રની કિંમત સમજાય છે. ખેર, જાગ્યા ત્યારથી સવાર થવી જોઈએ ઓઈલ પુલિંગ થેરપી એટલે કે ગંડૂષ છે શું?

**ગંડૂષની મેથડ :** સાદી ભાષામાં સમજીએ તો ગંડૂષ એટલે તેલના કોગળા કરવા. જોકે કોગળા કરવાની પણ ખાસ પધ્ધતિ છે. રોજ વહેલી સવારે નરણા કોઠે કંઈ પણ ખાધા પહેલાં આ પ્રક્રિયા કરવાની હોય છે. કોગળા કરીને થૂંકીને મોં સાફ કર્યા પછી એક મોટી ચમચી ભરીને તલનું તેલ મોંમાં લેવાનું અને ભરી રાખવાનું. ગલોફા, જીભ, જડબું આમ તેમ ફેરવીને આ તેલ મોંના ખૂણેખૂણામાં પહોચાડવું એમ કરવાથી થોડી જ વારમાં મોમાં પેદા થતી લાળ પણ એમાં ભળવાનું શરૂ થશે. મોંમાં પ્રવાહીનું વૉલ્યુમ વધી રહ્યું હોવાનું પણ ફીલ થશે. એ છતાં પંદર મિનિટ સુધી આ તેલ ભરી રાખવું અને આમતેમ ફેરવ્યા રાખવું. તેલ પેઢાંની ત્વચામાં ઊંડે ઊતરીને લાળ વાટે મોંમાં ટૉક્સિન્સ અને હાર્મફુલ બૅક્ટેરિયા એકત્ર કરે છે. જેમ જેમ સમય જશે એમ-એમ તેલ પાતળું પડીને સફેદ રંગનું થવા લાગશે. આ દ્રાવણ ગળી જવાનું નથી પણ પંદરેક મિનિટ પછી થૂંકી દેવાનું છે. થૂંકતી વખતે જો ઓઈલ નોર્મલ રંગ જેવું જ રહે તો તમે સમય કરતાં વહેલું તેલ થૂંકી નાખ્યું એમ સમજવું. આ દ્રાવણ ચીકણું, સફેદ-પીળા રંગના ટોક્સિન્સવાળી લાળ સાથેનું હોય તો ગંડૂષની પ્રક્રિયા બરાબર થઈ છે એમ સમજવું. આઈડિયલી ૧૫ થી ૨૦મિનિટ સુધી તેલ મોંમાં રાખવાથી ટૉક્સિન્સ એકત્ર થઈને લાળમાં આવી જાય છે. એનાથી વધુ સમય તેલ મોંમાં રાખવાથી ટૉક્સિન્સ ફરી પાછાં ત્વચામાં શોષાઈ જવાની શક્યતાઓ રહે છે.

તેલ થૂંકી નાખ્યા પછી સાદા ચોખ્ખા પાણીના કોગળા કરી લેવા અને આંગળી ફેરવીને પેઢાં પર થોડોક મસાજ કરી લેવો, તેલ થૂંક્યા પછી સિન્ક પણ ચીકણી થઈ જતી હોય છે એને ઍન્ટિ-બૅક્ટેરિયલ ક્લીનરથી સાફ કરી લેવી જોઈએ. ગંડૂષ કર્યા પછી થૂંકેલા તેલમાં આપણા શરીરને હાર્મફૂલ એવા બૅક્ટેરિયાનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. મૉડર્ન સાયન્સે જ્યારે ઓઈલ પુલિંગ થેરપી પર પ્રયોગ કર્યો ત્યારે થૂંકેલા તેલના એક બુંદને માઈક્રોસ્કોપમાં તપાસ્યું તો એમાં નૉર્મલ થૂંક કરતાં અનેકગણા વધુ જીવાણુઓ જોવા મળવ્યા.

**મૉડર્ન ફિઝિશ્યનોના દાવા :** પશ્ચિમના કેટલાક ફિઝિશ્યનોનો તો દાવો છે કે ઑઈલ પુલિંગ થેરપીથી આર્થ્રાઈટિસ માઈગ્રેન, બ્રૉન્કાઈટિસ, ક્રૉનિક બ્લડ ડિસઑર્ડર્સ, ટૉન્સિલ્સ, કિડની ડિસીસ, હાર્ટ-ડિસીસ, ન્યુરો ફિઝિયોલૉજિકલ પૅરેલિસિસ, એકઝીમા જેવી સમસ્યાઓમાં પણ ફાયદો થાય છે.

**કેટલીક વાર કરાય?** આઈડિયલની ગંડૂષની ક્રિયા રોજેરોજ કરવી જોઈએ. જો રોજ સમય ન મળે તો અઠવાડિયે ઓછામાં ઓછું એક વાર કરવું જોઈએ. સામાન્ય રીતે દસથી પંદર દિવસ નિયમિત ગંડૂષ કર્યા પછી સ્વાસ્થયમાં નોંધનીય ફરક જોવા મળી શકે છે.

મોંઘી ટૂથપેસ્ટો, દવાઓની સરખામણીએ આ પ્રક્રિયા ખૂબ જ સોંઘી અને કોઈ જ આડઅસર વિનાની છે.

## MIND CLEANSING

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

Functioning and the speed of my lap top had become very slow. The expert in my office told without looking at anything else that I have accumulated 3472 Mails in my inbox. That is the only reason for the inefficiency of the lap top. I screened the mails in the inbox and deleted most of them. Some were grouped. For some a separate file was created. After the exercise the inbox had less than 100 mails. The speed and the functioning of the lap top automatically improved drastically. I wondered why I did not delete the mails regularly. May be screening and deleting needs time or a vague idea that you may refer to this mail at a later date, which never comes just similar to our experience with stored household goods.

As I was spring-cleaning my inbox, it occurred to me that we human beings ought to do the same cleansing with our mind as well because it is the most complex and sophisticated computer. We tend to store and carry a lot of unwanted thoughts and emotions and they actually affect the way we lead our life. Negative comments, casual remarks, impact our feelings and thought patterns. It could be some random person on the road who passed a comment about your driving, a cheeky auto driver or even your loved one at home. Often we tend to process and store those silly remarks and get upset over them. What runs us down more than what was said id "how could he say it?" The mercury soars for a while and then it drops; the time taken for it to drop, however, varies from person to person.

Cluttered mind affects the clarity of understanding and decision making. In a school class room the first lecture was of maths. The teacher solved few sums on the black board. The board could not be cleaned as the duster was missing. Hence the workings remained. The next class was of English grammar. The teacher wrote passive and active sentences in the available place on the black board. After four classes the black board was like a jig saw puzzle with mixed up figures, letters and sketches and nothing could be understood. With constant happenings our mind attains the same status. Our judgments get based on wrong or irrelevant facts because of too much of data and information jam.

Further, for most of us reading news paper/s in the morning is a must. And what we mostly get to read in the news paper is the news of theft, dacoity, rapes, murders, scams, wars, dishonesty etc. Consequently, our day starts with a negativity. Such negative news only enhance our stock of negative feelings which get reflected in our behaviour adversely. Hyped and sensational TV news or the company of negative people have also similar effect. When such a garbage goes in the mind, its output is no better.

We need is a sensor in place, which detects whether a comment is even worth processing. If it is poorly articulated critique, but uttered with well-meaning intentions, it can be accorded space. But remarks can sometimes be baseless, springing out of momentary irritations and frustrations, and ought to be deleted then and there, without any further processing. The pages giving negative news may be skipped. You may surround yourself with friends and colleagues with positive attitudes. Reading books of your choice is also a step in right direction. Ten minutes of meditation during midday cleanses the superfluous items which happened in the first half of the day and brings freshness to our mind.

Clear the inbox of the mind with the stale thoughts and stinking emotions. Check for viruses and delete spam. These applications need to be used often. If the mind remains filled and occupied like in Zen and Sufi stories, it becomes stagnant with no scope of progress. Your life is shaped by the quality of your thoughts. So by this process improve your thoughts and BETTER YOUR BEST LIVES.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જૈન આગેવાનો મુંબઈથી પાલીતાણાની સીધી ટ્રેન શરૂ કરાવવા નવા રેલ પ્રધાનને મળ્યા જેથી તે ટ્રેન ટુંકમાં શરૂ થશે. અભિનંદન. - તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## TEEN TWINKLE

Compilations And Contributions by

Mrs. Neelam Dalesh Momaya M/s. Damji Bhimji Co, Station Road, Chalisgaon – 424101, Jalgaon District.

**Interesting Anecdotes**

Mr. Balraj, an inspector of schools went to a school for inspection. He went to class 6th The students were having a maths class. Mr. Balraj was somewhat crazy. He was in the habit of baffling others by his crude wit and aimless talk. "Well, boys, I wish to ask you a simple question. I hope you might be in a position to answer my question. The question is : a train leaves Madras Central at 5 PM for Delhi. The maximum speed of this train is 50 km per hour. What is my age then?

The children were dumb founded. 'It is such a queer question. What connection, after all, has the speed of the train with the age of this gentleman?

Vinod raised his hand with a twinkle in his eye. The inspector asked him to stand up and give out his answer. 'Well sir, your age ought to be 50 years." Blurted out Vinod. Now incidentally, the inspector's age was exactly 50 years. He felt happy and praised Vinod. "But tell me my boy, how could you find out the answer to my question?" Asked Mr Balraj.

'It is so simple, sir. I have an elder brother whose age is 25 years. He is half mad. Naturally your age must be 50 years"

Mr. Balraj never tried to befool any young ones after that day.

**Proverbs are lamps to life**

Advice is like snow, the softer it falls the longer it dwells upon, and deeper it sinks into the mind.

A positive mental attitude goes hand in hand with success in every area of life.

You will never get a second chance to make the first impression.

**Amazing Facts**

A contact lens measures. 035 mm thick which is half the thickness of a human hair and is now sold in U.S.A. The new lenses allow more oxygen to reach the cornea and hence are more comfortable.

Scientists in Belgium have produced tobacco plants that produce their own pesticide to protect them against the hornworm whenever the hornworm attacks the new tobacco plants, it eats the toxin present in the leaves and dies.

In Japan computers are used to monitor sick people and treat them automatically. If the patient's heart suddenly weakens or stops, the computer gives him an injection programmed for him.

Polar researchers of Russia have discovered that about 25 million cubic kilometers of ice in the antartic is concentrated on an area of 14 million square kilometers. The ice continent contains 85% of earth's fresh water.

*** The sunderbans delta created by ganges is the largest delta in the world. It has an area of 75,000 sq. km.

The nyat pagoda temple at Nepal is the tallest structure in the country it was built in 5 days in 1703. The king himself carried three building blocks to the contruction site.

**Think over it**

Any action committed by man results in peace, pleasure or pain immediately or produces the same results at a later point of time : This is what is called Karma

**Sad facts of life :**

Television has changed the modern child from an irresistible force into an immovable object.

More money is spent on amusing children than was spent on the education of their parents.

The guilty conscience fears when there is no fear and thinks that every bush contains a bear.

**મૃત્યુ પશ્ચાતની વિધિ : ભાગ ૩** **૧૫માં પાનેથી ચાલુ**

પ્રતિક્રિયા છે અને આવા આપ્તજનોના મૃત્યુ પ્રસંગે મનુષ્ય ઘણીવાર અત્યંત લાગણીશીલ થઈ જાય છે અને મૃતકની અંતિમ વિધિઓ પણ પુરા માન સન્માનથી સમાજની માન્ય રીત રસમો પ્રમાણે કરે છે. જે કદાચ અન્ય લોકોને લાગે કે આ વધારે પડતું છે. કેટલાક સબંધો લાગણીના હોય છે. જ્યારે કેટલાક સબંધો માગણીના (જરૂરિયાતના) હોય છે.

આપણા પ્રિયજનની થોડી વારની કે થોડા દિવસની અનુપસ્થિતિ આપણને વિચલિત કરી મૂકે છે તો મૃત્યુ તો તે વ્યક્તિની આપણા માટે આજીવન અનુપસ્થિતિ છે તેથી તે પ્રસંગ પ્રિયજનને વ્યથિત કરી મૂકે તે સ્વાભાવિક છે. ફરી એક વાતનું પૂનરાચાર કરું છું કે મૃત વ્યક્તિ પ્રત્યેની આપણી લાગણી જ મૃતકના મૃત્યુ અને મૃત્યુ પછીની વિધિને વખતે આપણા વર્તનમાં વ્યક્ત થાય છે.

પહેલાનાં જમાનામાં જ્યારે કોઈ સ્ત્રી સતી થવા તૈયાર થતી ત્યારે તેના પતિના અને તેના મૃત્યુના પ્રસંગને મહોત્સવનું સ્વરૂપ અપાતું. આજે પણ કેટલાક વૃધ્ધ વડિલો પોતાની હૈયાતિમાં જીવતે જગતીયું મનાવે છે અને પોતાના મૃત્યુ પ્રસંગે શોક ન મનાવવા માટેની વાત કરે છે. સુરતમાં છેલ્લા દસ વરસમાં ૨-૩ સંથારાના પ્રસંગો બન્યા છે જેમાં સંથારો સિઝયા પછી ભવ્ય મહોત્સવ મનાવવામાં આવેલ. લગભગ આવી જ પ્રતિક્રિયા કોઈ સાધુ કે સાધ્વીજીના કાળધર્મ પ્રસંગે હોય છે. બે એક વર્ષ પહેલાં અમદાવાદમાં કોઈ આચાર્યજીના કાળધર્મ પ્રસંગે તેમને અગ્નિદાહ દેવા માટેની પાંચ કરોડ રૂપિયાની બોલી બોલાવીને પ્રસંગને મહોત્સવ બનાવાયો હતો

પણ સમય જોતાં ન માત્ર મૃત્યુ પણ સૌ પ્રસંગે સાદગી પાળવી જરૂરી છે જે એક Code of Conduct (આચાર સંહિતા) બની શકે પણ નિયમ કે કાયદો ન બની શકે કારણ કે દરેક મનુષ્યના અલગ વિચાર હોય છે.

## જ્ઞાતિ આગેવાન લબ્ધિકુમાર મોમાયા માનવ અધિકાર સંસ્થાના ગુજરાત બોર્ડ પર : અભિનંદન!



અનેક કન્યાદાન કરવા તથા કચ્છના આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને સામાજીક સુરક્ષા યોજનાનો ફાળો આપનાર લબ્ધિકુમાર મોમાયાની તાજેતરમાં માનવ અધિકાર સંસ્થા ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટસના ગુજરાત સંચાલક બોર્ડમાં નિમણુક થઈ. અભિનંદન.

### અગત્યની સુચનાઓ

- પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.
- સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

**સુચના :** જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા. ખ. ની સાઈઝ, જા. ખ. નું બીલીંગ નામ-સરનામું અનો જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## વડોદરા મહિલા મંડળ આયોજીત યાત્રા

વડોદરા મહિલા મંડળ સ્થાપના દિન આસો સુદ૧ તારીખ ૨૪-૯-૨૦૧૪ ના સવારના શ્રી વિમલનાથના દર્શન કરીને ભણીયારા શ્રી આદિનાથ ભગવાનના દર્શન કરી મહારાજ સાહેબને વંદન કરી, સવારની નવકારશી માતુશ્રી લક્ષ્મીબેન વેલજી દંડ તરફથી કરાવવામાં આવેલ. પરોલી તીર્થમાં નેમનાથ ભગવાનના સ્નાન પૂજા-પૂજા-દર્શન કરાવીને માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા (સાંયરા) એ સાધાર્મિક ભક્તિનો લાભ લીધેલ. બપોરના ચા અને બીસ્કિટ એક સદગૃહસ્થ તરફથી શનવારાજ પુરમાં કરી પછી વીસાડામાં શ્રીસંભવનાથ ભગવાનના દર્શન કરી, હઉસી રમતા-રચતા લફણીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી ખરિસલ સ્વામિના દર્શન ચૈત્યવંદન કરી માતુશ્રી રતનબેન કાંતીલાલ શાહના પૌત્રીના જન્મની ખુશાલીમાં ચૌવિહારનો લાભ લીધેલ.

## બેલ્લારી - કચ્છી - ગુજરાતી મહિલા સેવા મડંળ

બેલ્લારી કચ્છી - ગુજરાતી મહિલા સેવા મંડળની ઓક્ટોબર મહિનાની મિટિંગ સૌ. સરલા વિજય મૈશેરીના ઘરે રાખવામાં આવેલ જેમાં પિંક અને બ્લુ સાડી પહેરીને આવવાની થીમ રાખવામાં આવેલ.

બે મનોરંજક ગેમ્સ સરલાબેન તરફથી રમાડવામાં આવેલ. એક પ્યાલામાં ઉપરથી સિક્કો નાખવાની ગેમ જેમાં પ્રથમ સૌ. કલ્પના બેન શાહ તથા દ્વિતીય સૌ. શ્વેતા શાહ તથા બીજી ગેમ રૂમાલમાં સેફ્ટી પીન ભરાવી પીનો કાઢીને ગણવાની ગેમ જેમાં પ્રથમ વિજેતા સૌ. ધ્વની સાવલા તથા દ્વિતીય વિજેતા સૌ. દિપા શાહ રહ્યા. પિંક કલર સાડીનો પુરસ્કાર સૌ. ધનવંતી બેન તથા બ્લુ સાડીનો પુરસ્કાર સૌ. રસીલાબેને મળવેલ સરલાબેને સૌ. વિજેતાઓને તથા હાઉસી રમાડી તેના વિજેતાઓને વિવિધ પુરસ્કાર આપ્યા. સૌ. ચાર્મી નિખિલ મૈશેરીના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે કેક કટ કરી સૌને મોઢું મીઠું કરાવવામાં આવ્યું.

મંડળ તરફથી સાલ મુબારકની ઉજવણી તા. ૨૪.૧૦.૧૪ના ઈદાન્તા હોટેલમાં રાખવામાં આવેલ. મંડળના સેક્રેટરી સૌ. નીશા નીતિન ધરમશી, જો. સેક્રેટરી નિર્મલાબેન કેનિયા તથા ખજાનચી સૌ. નીતા શરદ મૈશેરીએ મંચ સંભાળ્યું. કાર્યક્રમનું સંચાલન સૌ. નીશા નીતિન ધરમશીએ કર્યું. મંડળની બહેનોએ પ્રાર્થના ગીતથી શરૂઆત કરી.

સમાજના દરેક પાસ થનાર વિદ્યાર્થીને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું.

સૌ. બીનાબેને મંડળ તરફથી શ્રી વિજય મેઘજી મેશેરીને રોટરી ક્લબના પ્રેસીડેન્ટ નીમાવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

આ વર્ષથી યંગ એચીવર્સ નામે નવા એવોર્ડની ઘોષણા કરવામાં આવી, તે હેઠળ સૌ. ચાર્મી નિખિલ મૈશેરી, ચી. દિશા શરદ મૈશેરી, ચી. વિનીત જયંત શાહ, ચી. હેઝલ ઠક્કર, ચી. કૃષા ચંદ્રકાંત દોઢિયાએ પોતાની ઉપલબ્ધિ મંચ પર આવીને સૌ. સમક્ષ રજુ કરી. સૌએ તાળી વગાળીને અભિનંદન કર્યું. સૌ. નીતા શરદ મૈશેરી એ આભાર માન્યો.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## સેંધવા મધ્યે બાલ દિવસની ઉજવણી

જૈન સમાજના પ્રેરણા વહુ મંડળ આયોજિત તા. ૧૪.૧૧.૧૪ ના બાલ દિવસનો કાર્યક્રમ શેઠીયા મેડિકલના ઉપરના હોલમાં ઉજવવામાં આવેલ, જેમાં બાળકો માટે સ્પર્ધાત્મક કાર્યક્રમો રાખવામાં આવેલ. ચિત્રકલા પ્રતિસ્પર્ધામાં પ્રથમ પાર્થ શાહ, દ્વિતીય જયંતિ નાગડા આવેલ. એક મીનીટના શો પ્રતિસ્પર્ધામાં એ અને બી ગ્રુપ હતા. એ ગ્રુપ માં પ્રથમ જયંતી નાગડા દ્વિતીય સિદ્ધી ગોસર બી ગ્રુપમાં પ્રથમ સલોની ગોસર, દ્વીતિય ભાવાર્થ શાહ આવેલ.

કાર્યક્રમમાં અતિથી વિશેષ સમાજના વિરિષ્ઠ શ્રીમતી મણીબેન લાડ ઉપસ્થિત રહેલ. જેમના દ્વારા પાઠશાલા સંચાલિત કરતા સદસ્યો શ્રીમતી કાશ્મીરા શેઠીયા, શ્રીમતી શોભના લાલકા, શ્રીમતી રશ્મી ગોસર, શ્રીમતી લીના નાગડાનું બહુમાન કરવામાં આવેલ. બાળકોના અતિ ઉત્સાહથી કાર્યક્રમ ખુબજ આનંદપુર્વક ઉજવાયેલ.

## સખીવૃંદ-પુના

નવેમ્બરની મિટીંગ જીવનબેન નાગડાના ઘરે યોજાઈ. વિષય હતો. પારચ્મેન્ત [parchment art]. જે માટે જીવનબેને નિષ્ણાત સુરુચિ રાઠીને નિમંત્રણ આપેલ. સુરુચિના જણાવ્યા મુજબ આ આર્ટ વર્ષો જુની છે, હવે નવા સાધનો વડે આ કળા પ્રદર્શિત થાય છે. જે બેઝીક અને એડવાન્સ એમ બે ભાગમાં શીખી શકાય. જે બટરપેપર જેવું જાડું એવા પેપર પર થાય છે. પરમૅન્ટકરવા ઘણા નાના મોટા સાધનો હોય છે જેનો વિવિધ રીતે ઉપયોગ થાય છે એની એમણે જાણકારી આપી. સુરુચિએ એ આર્ટથી કાર્ડ બનાવવાનું પ્રત્યક્ષીકરણ સરસ રીતે કર્યુ. બે ત્રણ જાતની ડીઝાઈન કાર્ડ પર અલગ રીતે કેવી રીતે કરી શકાય એનું માર્ગદર્શન આપ્યું આ આર્ટકરવા માટે એમ્બોસિંગ પેડ, ગ્રીડ, ઈન્ક, પેપર ક્રેઓન તથા સ્કેચપેન જેવા સાધનોની જરૂર પડે છે જેની સમજણ એમણે આપી.

આ કળા દ્વારા કાર્ડ, ફ્રેમ, ટેબલમેટ, એન્વલપ (કવર), બોક્ષ વગેરે બનાવી શકાય એની પૂર્ણ માહિતી આલ્બમ દ્વારા આપી. જીવનબેને નવો રસિક વિષય પસંદ કર્યો હતો. જેને બહેનોએ આનંદ પૂર્વક માણ્યો.

વિવિધા ૧ના રાઉન્ડમાં પુષ્પા લોડાયાએ ફન ગેમ રમાડી, જેના વય જૂથ મુજબ નલીનીબેન લાપસિયા અને મોહિની શાહ વિજેતા ઘોષિત થયા. એમને ઈનામ અપાયા.

## પ.પૂ.શ્રી ભલારાદાદાનો સુથરી મધ્યે ઉજવાયો ૧૮મો ધ્વજા મહોત્સવ

સુથરીમાં પ.પૂ.શ્રી ભલારાદાદા (નાકા બહારનું સ્થાન)ની ૧૮મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ આનંદ અને હર્ષ સાથે બહોળી સંખ્યામાં ભાવિકોની વચ્ચે ધામ ધૂમ પૂર્વક ઉજવાયું. ભુવાશ્રી તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ સાંયાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો.

મુખ્ય પૂ.દાદાની ધ્વજાનો લાભ ભાવિક શ્રી આણંદજી શીવજી લોડાયા પરિવાર કચ્છ ગામ બાંડીયા હાલે નાશિકવાળાએ લીધેલ તેમજ દાદાને તિલક કરવાનો લાભ કુ. ચાર્મી અને અશ્મિ કેતનભાઈ નરેન્દ્રભાઈ લોડાયા બાંડીયા હાલે અમદાવાદવાળાએ લીધો. દાદાનો માળા પહેરાવવાનો લાભ શ્રી મણીલાલ ચત્રભોજ નાગડા કોઠારા હાલે મુલુંડવાળાએ તથા આરતીનો લાભ શ્રી વાલજીભાઈ હીરજીભાઈ છેડા તથા શ્રી ગુલાબભાઈ હીરજી છેડા જશાપર હાલે અમદાવાદ /સુરતવાળા, પ.પૂ.ગણેશજીને માળા પહેરાવવાનો લાભ શ્રી મહેન્દ્રભાઈ સુધાકરભાઈ શાહ નલીયા હાલે ભાવનગરવાળા, પ.પૂ.શ્રી ગણેશજીને ધ્વજા ચડાવવાનો લાભ પલ્લવી વીરચંદ ચાંપશી શીયાળ જખૌ હાલે નાંદેડવાળાએ તથા શ્રી હનુમાનજીને તિલક કરવાનો લાભ શ્રી ખેંતશી મુલજી શીયાળ જખૌ હાલે મુલુંડવાળા, શ્રી હનુમાનજીને માળા પહેરવાનો લાભ નેણશી




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

કુમાર નાગડા કોઠારા હાલે મુલુંડવાળાએ, હનુમાનજીને ધ્વજા ચડાવવનો લાભ શ્રી જાડેજા મહેન્દ્રસિંહ સરદારસિંહ તથા જાડેજા સુરેન્દ્રસિંહ દિલાવરસિંહ સુથરીવાળા હાલે દેવપર /ભુજએ લીધેલ હતો.

ધ્વજા મહોત્સવ પ્રસંગે આખા દિવસનો પેડી પ્રસાદનો લાભ તેમજ સાંજે પાઠનો લાભ શ્રી જીવરાજ આણંદજી શીવજી લોડાયા, બાંડીયા હાલે નાશીકવાળાએ લીધેલ હતો.

ભાવિકોએ પેડી પ્રસાદ અને અખંડ જ્યોતની કાયમી તિથીમાં પણ ઉત્સાહભેર આનંદથી પોતાની યાદગાર તિથિઓ લખાવેલ હતી. સાંજે પ. પૂ. શ્રી ભલારાદાદાના પાઠની જ્યોત ભૂવાશ્રી કિશોરભાઈ સાંયાએ પ્રજલિત કરેલ અને ભુવાશ્રી દિનેશભાઈ દંડે એમાં સહકાર આપી વિધિ સંપન્ન કરાવી.

આ કાર્યક્રમની જહેમત ટ્રસ્ટીઓશ્રી ચંદુલાલભાઈ, લહેરચંદભાઈ, ભાવિકોશ્રી કિરણભાઈ, વાલજીભાઈ વગેરેએ ઉઠાવેલ. પુજારી શ્રી મુરજીભાઈએ સહકાર આપેલ.

## સાયરાં

સાયરાંમાં તા. ૨-૧૦-૨૦૧૪ના શ્રી કસ્તુરીબાઈ મેઘજી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં શ્રી જેરામગર બી. ગોસ્વામી (જયશ્રીગર) સારી રમઝટ બજાવેલ

તા. ૭-૧૦-૨૦૧૪ નાં શ્રી જયાબેન દિનેશભાઈ પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. તા. ૭-૧-૨૦૧૪ નાં શરદ પૂનમ નાં બજારનાં ચોકમાં દાંડીયા રાસ-રમત રાખેલ. જેમાં કલાકાર શ્રી સ્વાતીબેન રાયણવાલા,બેન્જો માસ્તર શ્રી કિરપાલ સિંહ (કનુભા બાપુ) શરદ પુનમનાં કાર્યક્રમ રાખેલ જેના અન્ય દાતા શ્રી હિરાચંદભાઈ ચત્રભોજ શાહ તથા અન્ય દાતા શ્રી દિપકભાઈ લોડાયા, મુકેશભાઈ હીરાચંદભાઈ ધ્રોળ, મયુરભાઈ હીતેશભાઈ પટેલ હતા.

## નરેડી મધ્યે ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન

શ્રી અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ.સાધ્વી શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા.ની આદી ઠાણા ૭ની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન તા. ૩૦.૧૦.૨૦૧૪ના નરેડી મધ્યે યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપૂર્વક કરાવેલ.

**હૃદયની ખર્ચાળ સારવાર કરાવતાં પહેલાં આયુર્વેદિક દવાનો મહત્વ આપીએલેખના લેખક પરેશ જવેરચંદ જીવાણીના ફોન નં. 9820113164 છે.**

## નાલાસોપારામાં પર્યુષણ ઉજવણી

શ્રી નાલાસોપારા (સ્ટેશન) અચલગચ્છ જૈન સંઘ (પૂર્વ) દ્વારા પ.પૂ. તીર્થરત્નસાગરજી, પૂ.દેવ રક્ષિતસાગરજી, પૂ.તત્વરક્ષિત સાગરજી, પૂ.મેઘરક્ષિત સાગરજી, પૂ.ચૈત્યરક્ષિત સાગરજી, પૂ.હેમ રક્ષિત મ.સાની નિશ્રામાં પર્યુષણની ઉજવણી થઈ હતી.

ચાર્તુમાસની વિશેષ ફલશ્રુતિરૂપે જિનાજ્ઞા પરિવાર યુવા મંડળની સ્થાપના થઈ હતી. ૯ લાખ નવકાર જાપ યોજાયા. ૧૧ બાળકોએ એક વર્ષ માટે ટી.વી.યાત્રા કર્યો. અને ૧૨૬ ષૌષધ થયા.

## ભદ્રેશ્વર તીર્થમાં સ્વાતંત્ર્ય પર્વ બન્યું પર્યાવરણ પ્રેમને વૃક્ષારોપણ પર્વ

ભદ્રેશ્વરમાં આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વ ૧૫મી ઓગસ્ટની વિશેષ રીતે ઉજવણી થઈ હતી.

તેજ કુમાર જૈન તથા અન્ય પર્યાવરણ પ્રેમી અન્ય આગેવાનોના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓએ ૧૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

## "શ્રાવક આરોગ્યમ્"

"શ્રાવક આરોગ્યમ્" મેડિક્લેમ ઈન્શુરન્સ રાહત દરે જે યોજનામાં જ્ઞાતિના ૪૧૯ વ્યક્તિઓએ અને કુટુંબની ફ્લોટર યોજનામાં ૨૪૪ વ્યક્તિઓએ ભાગ લીધેલ છે. તેમને તેમની વિમા પોલિસી મળીજાય પછી જ અનંત નાથ દેરાસરની મહાજનની ઓફીસમાંથી ચેક મળશે. રૂા.૬૦૦ શેઠશ્રી નરસીનાથા મેડિકલ ટ્રસ્ટ અને રૂા. ૬૦૦ રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી મળી જશે.

Individual ને ટોટલ રૂા. ૧૨૦૦ અને Flaterને રૂા. ૨૪૦૦ નો ચેક મળશે.

વિમાની પોલીસી બતાવી ચેક લઈ જવા વિનંતી. હમણા આ સ્કિમ થોડા સમય માટે બંધ કરવામાં આવી છે. પાછી તે થોડા સમય પછી શરૂ કરવામાં આવશે ત્યારે જણાવવામાં આવશે.

| નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **વિરેન્દ્ર ભવાનજી લોડાયા** | ૫૦૪, શેઠ કલાસિક, કસ્તુરબા ક્રોસ રોડ, અપના બાઝારની સામે, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **હરીશ ઝવેરચંદ ધુલ્લા** | ૧૦૦૨, ૧૦માં માળે, સીલ્વર હાઈટ્સ, એસ.એન.રોડ, શાંતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ |
| **હરીશ નવિનચંદ્ર નાગડા** | ડી/૭૦૬, સાઈ વૈષ્ણવી દેવી, પીંપલેશ્વર મંદિરની પાછળ, દ્રાક્ષ બાગ, ટાંક રોડ, ભાડુંપ (પ) મુંબઈ - ૪૦૦ ૦૭૮ |
| **રીતેશ એમ.શાહ** | બિલ્ડીંગ નં ઈ-૩, ફ્લેટ ૬૦૪, શંખેશ્વર નગર, માનપાડા રોડ, ડોંબિવલી (પૂ) ૪૨૧૨૦૩ |
| **દિલીપ પુનસી મૈશેરી (માંડવી)** | એ-૧/૨૦૪, શુકલ સ્માઈલ સીટી, ખોડીયાર માતાજી મંદીર રોડ, સાવન બંગલોસની પાછળ, જી.એસ.ટી. રેલ્વે ક્રોસીગ, ન્યુ રાનીય, અમદાવાદ |
| **અજય ઝવેરચંદ મુનવર(શાહ)** | ૩૦૪, નવ સંતોષ કો.ઓપ.હાઉસીંગ.સોસાયટી.લિ, સુનિલ નગર રીક્ષા સ્ટેન્ડની નજીક, મનોહરત બંગલોની સામે, સુનિલ નગર, ડોંબિવલી (પૂ) - ૪૨૧૨૦૧ |
| **હિતેશ ડી.લાલકા** | મહાવીર, રામ-ક્રિષ્ણા નગર, રામેશ્વર મહાદેવ મંદિરની સામે, શ્રી રામ પેટ્રોલ પંપની નજીક, ગુંડાલા રોડ, ગોંડલ- ૩૬૦૩૧૧ જિ. રાજકોટ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **વિરેન્દ્ર ભવાનજી લોડાયા** | 09821073830 | **છાયા વિરેન્દ્ર લોડાયા** | 09821383085 |
| **અજય વિરેન્દ્ર લોડાયા** | 09821383093 | **યશ વિરેન્દ્ર લોડાયા** | 09619508170 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૧૦.૧૪ | મલકાપુર | કૃણાલ-અંબિકા/કમલેશ નાગડા | જખૌ | પુત્ર |
| ૧૪.૧૦.૧૪ | મલકાપુર | કરીશ્મા-અંબિકા/કમલેશ નાગડા | જખૌ | પુત્ર |
| ૨૧.૧૦.૧૪ | ડોંબિવલી | પ્રિશા-આરતી/રાજેશ ચંદ્રકાંત મૈશેરી | માંડવી | પુત્રી |
| ૨૪.૧૦.૧૪ | ડોંબિવલી | તનીશા હેમાલી હીમાશું વીરચંદ ખોના | સાંધવ | પુત્રી |
| ૩૦.૧૦.૧૪ | અમદાવાદ | ભક્તિ-હીરલ/હિમાશું વિરેન્દ્ર છેડા | સુથરી | પુત્રી |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૧૧.૧૪ | મુલુંડ | મયુર ખીમજી રાયશીં લોડાયા | બાંઢીયા | ૪૯ |
| ૧૫.૧૧.૧૪ | ચીંચપોકલી | લાલજી દેવજી કચરા લાપસીયા | દલતુંગી | ૭૨ |
| ૧૫.૧૧.૧૪ | મુલુંડ | કિરણ કલ્યાણજી ખીંયશી લોડાયા | મંજલ | ૫૯ |
| ૧૫.૧૧.૧૪ | ભાટાપારા | ઉત્તમચંદ પદમશી કાનજી દંડ | વરાડીયા | ૬૭ |
| ૧૭.૧૧.૧૪ | ઘાટકોપર | ઈંદીરાબેન જયંતીલાલ ધારશી વિકમશી | જખૌ | ૭૨ |
| ૧૯.૧૧.૧૪ | માંડવી | સોનબાઈ ગુલાબચંદ લખમશી નાગડા | નલીયા | ૮૨ |
| ૧૯.૧૧.૧૪ | વડોદરા | ઈન્દુમતી સોમચંદ વિસનજી માલદે | દલતુંગી | ૬૫ |

# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગની રજત જયંતી નિમિત્તે બોલીવુડ થીમના ડાન્સ અને ડીજેના તાલે મોકળા મનના થરકાટથી નારી ઉમંગને રજતે વધાવાયો

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગની રજત જયંતિ નિમિત્તે શનિવાર તા.૦૮.૧૧.૧૪ના કાલીદાસ મેરેજ હોલ ખાતે યોજાયેલ વિશેષ કાર્યક્રમમાં મનિષા જૈને ઈમેજ મેનેજમેન્ટનું મહત્ત્વ સમજાવી. ડ્રેસીંગ એઝ પર બોડીશેપની સમજણ આપી મહિલાઓએ બોલીવુડ થીમના ડાન્સ અને ડીજેના તાલે મોકળા મનના થરકાટથી વાતાવરણ રજતવર્ણી થઈ ગયું હતું.

ભૂતકાલીન પ્રમુખો શ્રીમતી તરલાબેન મણીકાંત ધુલ્લા, શ્રીમતી ઈંદિરાબેન નવીન મૈશેરી, શ્રીમતી કુસુમબેન વિજય મોમાયા, શ્રીમતી ચિત્રાબેન રમેશ ધરમશી, શ્રીમતી જ્યોતીબેન નરેન્દ્ર દંડ, શ્રીમતી લજ્જીતાબેન ભરત ખોના તેમજ વર્તમાન પ્રમુખ દક્ષાબેન મુકેશ મૈશેરીએ દીપ પ્રાગટ્ય કર્યુ હતું.

વર્તમાન પ્રમુખ શ્રીમતી દક્ષાબેન મુકેશ મૈશેરીએ સૌને આવકાર્યા હતા. ગણેશ વંદના કુ. આશના મિતેશ લાલકા અને કુ. સંભવી સમીર લોડાયાએ પ્રસ્તુત કરી હતી.

કાર્યક્રમ સ્થળનું પ્રવેશ દ્વાર તથા મંચ બોલીવુડ થીમને કેન્દ્રમાં રાખીને સજાવવામાં આવ્યા હતા. ડાન્સના કાર્યક્રમ નિમિત્તે કિશોરીઓ યુવતીઓ અને પ્રોઢાઓએ ધર્મેશ ડાન્સ, અકાદમીના ધર્મેશ સરના માર્ગદર્શનમાં એક મહિના સુધી કરેલી પ્રેક્ટીસ રંગ લાવી હતી. ૫૦ના દાયકાથી માંડીને આજનું બોલીવુડ ડાન્સરૂપે સજીવ થઈ ઉઠયું હતું. યુગલ ગીતો તથા સમૂહગીતો માટે મહિલાઓએ પુરૂષ વેશ ધરીને નિઃસંકોચ ફિલ્મી વાતાવરણ ઊભું કર્યુ હતું.

જોકે સૌથી વધુ જાનદાર કાર્યક્રમ ડી.જે. પર મોકળા મને નૃત્યનો રહ્યો હતો. વર્ષોથી નાચવાનું ભૂલી ગયેલી મહિલાઓ પણ મનમૂકીને નૃત્યમાં તલ્લીન થઈ ગઈ હતી. બધાએ મન મૂકીને આ કાર્યક્રમ માણ્યો હતો. છેવટે કમિટીના બહેનોએ આકર્ષક નૃત્ય રજૂ કર્યુ જેના સમાપન રૂપે ગુલાબી રંગના પંખ હલાવીને વિદાયમાન માગ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન આશા ભિમાણીએ કર્યુ હતું. આભારવિધિ મંડળના સેક્રેટરી રેણુકા લોડાયાએ કરી હતી.

**નૃત્યમાં ભાગ લેનાર મહિલા જૂથ :**

**જૂથ ૧ - ચાર્મી શાહ, શીતલ પોલડીયા, ચાર્મી છેડા ● જૂથ ૨ - મોના નાગડા, નુતન ધુલ્લા, નિશા મૈશેરી, પાયલ શાહ ● જૂથ ૩ - રેશ્મા મૈશેરી, રિતીકા મૈશેરી, નિરાલી મોતા, સોજલ લોડાયા ● જૂથ ૪ - મોનીકા લાલકા, નિરજ શાહ, હિના મૈશેરી, ચૈતાલી દંડ ● જૂથ ૫ - હેતલ મોમાયા, કોમલ લોડાયા, સોનલ હેફા ● જૂથ ૬ - કાશ્મીરા ચુરલા, પૂજા ધરમશી ● જૂથ ૭ - તન્વી શાહ, ખ્યાતી લુઠીયા ● જૂથ ૮ - દિયા નાગડા, પુર્વા ભેદા, વારીજા ભેદા, હિમાની લાપસીયા ● જૂથ ૯ - મૈત્રી મોતા, નીપા નાગડા, શીતલ શિયાડ, રૂચી મોમાયા ● જૂથ ૧૦ - નેહા લાલકા, બ્રિન્દા છેડા, પ્રિતિ ખોના ● જૂથ ૧૧ - જીનલ મોતા, મોનિકા મૈશેરી, એશા મૈશેરી ● જૂથ ૧૨ - ખુશ્બુ લોડાયા, માનસી નાગડા ● જૂથ ૧૩ - નૈની લાપસીયા, રિધ્ધિ શાહ ● જૂથ ૧૪ - પ્રાચી શાહ, શ્રધ્ધા લાલકા, તન્વી ધુલ્લા ● જૂથ ૧૫ - રીના મૈશેરી, વિરાજ ધુલ્લા ● જૂથ ૧૬ - જીનલ શાહ, ઉર્વી લોડાયા, નિરાલી મોતા ● જૂથ ૧૭ -નેહા લોડાયા, ચાંદની ખોના, મોનિકા નાગડા.**


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગનો રજત મહોત્સવનો રંગારંગ કાર્યક્રમ ચિરસ્મરણીય બન્યો






પ્રમુખો દ્વારા દિપ પ્રાગટ્ય



આવકાર આપતા પ્રમુખ દક્ષા મૈશેરી



સંભવી લોડાયા અને આશના લાલકા



ઈમેજ મેનેજમેન્ટ કન્સલટન્ટ મનિષા જૈન



કાર્યક્રમના મુખ્ય આયોજક નિરાલી ધુલ્લાનું બહુમાન



પંખ લહેરાવીને વિદાય

























# શ્રદ્ધાંજલી



: આગમન :
તા. ૨૧-૩-૧૯૫૬

ગામ
મંજલ રેલડીયા

: વિદાય :
તા. ૧૫-૧૧-૨૦૧૪

હાલ
મુલુંડ

## કિરણ કલ્યાણજી લોડાયા

**તમારી ગેરહાજરીની પળે પળે વર્તાય છે ખોટ,**
**આપના દિવ્ય આત્મા પ્રતિ અંતરભીની આદરાંજલી અર્પણ.**

: શોકાતુર :

| | |
|---|---|
| માતા-પિતા | : માતુશ્રી તારાબેન કલ્યાણજી ખીંયશી લોડાયા |
| મા-બાપા | : માતુશ્રી નેણબાઇ હીરજી ખીંયશી લોડાયા પરિવાર |
| ધર્મપત્ની | : ગીતા કિરણ લોડાયા |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. મીતલ જેકીન કિરણ લોડાયા |
| પુત્રી-જમાઇ | : અ.સૌ. આશા શશાંક જગદીશ રાંભિયા (રામાણીયા) મુલુંડ |
| પૌત્ર | : ચિ. હિયાન જેકીન લોડાયા |
| સાસરાપક્ષ | : માતુશ્રી ચંદનબેન હિરાચંદ વેલજી નાગડા (તેરા) નાંદેડ |
| વેવાઇ-વેવાણ | : અ.સૌ. દક્ષાબેન કિરીટભાઇ શિવલાલ કોટક (રાજકોટ) મુલુંડ<br>અ.સૌ. સુશીલાબેન જગદીશભાઇ માવજી રાંભિયા (રામાણીયા) મુલુંડ |
| ભાઇ-ભાભી | : અ.સૌ. બીના પ્રફુલ લોડાયા, અ.સૌ. વિભા નરેશ લોડાયા |
| બેન-બનેવી | : અ.સૌ. કાશ્મીરા અરવિંદ મણીલાલ દંડ (બાયઠ) મુલુંડ |
| ભત્રીજો-ભત્રીજીવર | : હિરેન-સમીર લોડાયા, અ.સૌ. ઝરણા અંકીત રવાસા (મહુવા) મુલુંડ |
| ભાણેજ-ભાણેજીવર | : અ.સૌ. બીજલ રીકિશ, અ.સૌ. હિનલ કરણ, ચિ. રેહાન રીકિશ |
| નાનાણા પરિવાર | : માતુશ્રી કુંવરબાઇ ચત્રભોજ ભીંયશી ડાઘા (વરાડીયા) |
| પરમ સ્નેહી | : શેઠશ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ) – પ્રતાપ એક્સેલેન્સી પરિવાર<br>માતુશ્રી મંજુલાબેન ભોગીલાલ સાવલા (ડેપા) – પ્રગતિ કેટરર્સ પરિવાર |

**અમારા આ દુઃખદ સમયે અમને પ્રત્યક્ષ કે પરોક્ષ સાંત્વના આપનાર**
**સર્વે કુટુંબીજનો, મિત્રો, સ્નેહી સ્વજનોનો અંતઃકરણપૂર્વક આભાર.**

## ફૂલોની જેમ અલ્પ આયુષ્ય લીધું પણ...



# મયૂર ખીમજી રાયશી લોડાયા

ગામ : બાંડિયા • હાલ : મુલુંડ • ઉંમર : ૪૯

અરિહંત શરણ : ૧૫.૧૧.૨૦૧૪

કાળરૂપી ઝંઝાવાતના કઠોર પ્રહારે
પાનખર વિના લીલુંછમ પાંદડું ખરી પડ્યું
નો તું પીળું પડ્યું, કે નો તું કોઈને નડ્યુ
તો યે લીલુંછમ પાંદડું ખરી પડ્યું
જીવન-વાટિકામાં હજુતો મહોરી હતી વસંત
ખીલતા ફૂલોની સુંદરતાને સુવાસનો પમરાટ
સ્નેહ અને પ્રેમના મધુર જળથી
બાગબાનને નવપલ્લીત કર્યો
સૌના સખા, ભાઈચારાનો ગુલદસ્તો બનાવ્યો
ફૂલોની જેમ અલ્પ આયુષ્ય લીધું પણ
પ્રભુના ચરણોમાં સ્થાન લઈ જીવન સાર્થક બનાવ્યું
કુદરતના ક્રમને સ્વીકારી સૌ
ભગ્નહૃદયે, ભીની આંખે આપી એ સાચી

**શ્રધ્ધાંજલિ**

મણીકાંત હીરજી ધુલ્લા
પ્રતાપ એક્સીલન્સી પરિવાર

## શ્રદ્ધાંજલી



# કિરણ કલ્યાણજી લોડાયા

ગામ : મંજલ રેલડીયા, હાલ મુલુંડ

જન્મ : ૨૧-૩-૧૯૫૬

અરિહંતશરણ : ૧૫-૧૧-૨૦૧૪

તમારું મંદ મુસ્કુરાવું
ને ઓછામાં ઝાઝુ સમજી જવું
કામમાં નિષ્ઠાથી સૌના માનીતા થવું
મિત્રો-પરિચિતોમાં મસ્ત રહેવું
બાકી ખપ પુરતું જ બોલવું
એક અલગ વ્યક્તિત્વ હોવું
તમારી અણધારી વિદાયથી
કેવું વસમું હોય
સંબંધનું ખાલી થવું...
અરિહંત શરણે ચિરશાંતિ પામો
તમારી સ્મૃતિને હંમેશા અમારા હૃદયમાં રહેવું.

મણીકાંત હીરજી ધુલ્લા
પ્રતાપ એક્સીલન્સી પરિવાર

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 Iday of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રદ્ધાંજલિ

## ★ ★ ★ ★ બાંડિયા ગામના ★ ★ ★ ★
## ચાર સિતારા ખરી પડ્યા



લક્ષ્મીચંદ કુંવરજી લાલકા



વીરેન્દ્ર રાઘવજી લોડાયા



હીરાચંદ અરજણ પટેલ



મયુર ખીમજી લોડાયા

વિધિના લખ્યા લેખ કેવા ક્રૂર થઈ ગયા,
હાસ્ય તણા ઝળઝળીયા આંખોના પૂર થઈ ગયા....

છોડ્યો તમે હાથ, મજબૂર અમે થઈ ગયા,
હજુ જોઈતો હતો સાથ તમે દૂર થઈ ગયા...

છોડી અમારો વસ્યા જઈ પ્રભુની પાસ,
વિદાય લીધી અણધારી,
યાદ કદી ન ભૂલાય તમારી....

---

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન, બાંડિયા
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મિત્ર મંડળ, બાંડિયા
શ્રી વિમલનાથ ચેરીટેબલ ટ્રસ્ટ બાંડિયા

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,